કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૧ જૂન, ૨૦૨૫ બુધવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૦૨૦◆વર્ષ : ૩૨ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ જેઠ સુદ-૧૫◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### યોગને જીવનનો અભિન્ન અંગ બનાવીએ : મુખ્યપ્રધાનની અપીલ

# સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતામુક્ત ગુજરાત : સીએમ

**અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગ શિબિર યોજાઈ : આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે આયોજિત યોગ શિબિરમાં ૧૫ હજારથી વધુ શહેરીજનો સહભાગી થયા : યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા ગૃહ વિભાગના રાજ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિ : ગુજરાત રાજ્ય બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલજીએ યોગાભ્યાસ કરાવી યોગને જીવનનો અભિન્ન હિસ્સો બનાવવા આહ્વાન કર્યું**








અમદાવાદ : અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટના ઈવેન્ટ સેન્ટર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ભવ્ય યોગ શિબિર યોજાઈ હતી. 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત નિ:શુલ્ક 'યોગ શિબિર - કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ'નું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે ખુશનુમા માહોલમાં ૧૫ હજારથી વધુ શહેરીજનો આ યોગ શિબિરમાં સહભાગી બન્યા હતા. આ યોગ શિબિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલસહિતસર્વે મહાનુભાવોએ પણ યોગાભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા ગૃહ વિભાગના રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગ શિબિરનું આયોજન થયું છે. આ અભિયાન અંતર્ગત આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ગુજરાતના તમામ જિલ્લાઓ એક નવો ઈતિહાસ બનાવવા તરફ આગળ વધી રહ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, યોગ એ ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. યોગ અને પ્રાણાયામ એ માત્ર શારીરિક-માનસિક કસરત નહીં, પરંતુ મન, શરીર અને આત્મા સાથે સંવાદ સ્થાપિત કરવાની પદ્ધતિ છે. આ અવસરે મંત્રીએ ગુજરાતના તમામ જિલ્લાના નાગરિકોને યોગથી પ્રેરણા લઈને 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિત મુક્ત ગુજરાત' અભિયાનમાં જોડાવવા અપીલ પણ કરી હતી. આ યોગ શિબિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન તેમજ યોગસેવક શિશપાલ રાજપૂત તેમજ યોગના પ્રખર નિષ્ણાતા

અનુસંધાન પાના નં.૪ પર

### જગન્નાથનો જયેષ્ઠાભિષેક

# દેશની બીજી સૌથી મોટી રથયાત્રા પૂર્વે જાગન્નાથજીની રંગચંગે જળયાત્રા

**અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની જળયાત્રા યોજાઈ : ભક્તજનો એ જય રણછોડ માખણ ચોરના નાદ લગાડતાં મંદિર પરિસર ગૂંજી ઉઠ્યું**




ગાંધીનગર : અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની યાત્રા પહેલા આજે ભગવાનની જળયાત્રા નિકળી હતી.આ જળયાત્રા સાબરમતી નદીના આરે પહોંચી હતી જ્યાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર પ્રતિભા જૈન ધારાસભ્ય કૌશિક જૈન પૂર્વગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા પૂજા ના યજમાન સહિતના લોકો ગંગા પૂજન માં જોડાયા હતા. સાબરમતી નદીના મધ્ય ભાગમાંથી કળશોમાં જળ ભરીને જલયાત્રા ભગવાન જગન્નાથજીના નિજમંદિરે પહોંચી હતી.

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૮ મી રથયાત્રા આગામી અષાઢી બીજ ના રોજ નીકળશે. જગન્નાથજીની રથયાત્રા માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે ત્યારે આજે મંદિર થી ભગવાન જગન્નાથજીની જળયાત્રા સાબરમતી નદીના આરે પહોંચી હતી જ્યાં મંદિરના દિલીપદાસજી

અનુસંધાન પાના નં.૪ પર

## રાજસ્થાનમાં ભયાવહ માર્ગ અકસ્માત : વર-વધૂ સહિત પાંચના કરુણ મોત : ૧૪-૧૫ લોકો ઈજાગ્રસ્ત




જયપુર : રાજસ્થાનના જયપુર ગ્રામીણ વિસ્તારમાં આવેલા જમવારામગઢ ક્ષેત્રમાં આજે વહેલી સવારે એક ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં વર અને વધૂ સહિત કુલ પાંચ લોકોના કરુણ મોત થયા છે. આ હૃદયદ્રાવક ઘટના દૌસા-મનહરપુર નેશનલ હાઈવે-૧૪૮ પર રાયસર પોલીસ સ્ટેશન વિસ્તારના ભટકાંબાંસ ગામ પાસે બની હતી, જ્યાં એક પેસેન્જર વાહન અને એક કેન્ટર વચ્ચે

અનુસંધાન પાના નં.૪ પર

## એડિશનલ કલેક્ટર કક્ષાના અધિકારીની બદલી: ચાર નાયબ મામલતદારોને પ્રમોશન

ગાધીનગર : સુપ્રીનટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ એન્ડ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન કચેરીના એડિશનલ કલેક્ટર એસ. એન.પરીખની બદલી સરકારે અમદાવાદ ઝોનના એડિશનલ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન તરીકે કરી છે. અત્યાર સુધી આ પોસ્ટનો હવાલો ગેસ કેડરના બી.બી.મોડિયા પાસે હતો. બી.બી.મોડીયાને એડિશનલ કલેક્ટર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન ગાંધીનગરમાં મૂકવામાં આવ્યા છે.આ ઉપરાંત મહેસાણામાં એડિશનલ ચીટનીશ તરીકે ફરજ બજાવતા મામલતદાર મિતલબેન પટેલની બનાસકાંઠા જિલ્લાના વાવમાં બદલી કરવામાં આવી છે. નાયબ મામલતદાર કેડરમાં ફરજ બજાવતા રાજકોટના મિતેશ ભાવસાર, અશ્વિનભાઈ દોશીને કામચલાવ ધોરણે પ્રમોશન આપીને

અનુસંધાન પાના નં.૪ પર

## કોરોના-જગન્નાથયાત્રા મુદ્દે રાજય સરકારની અપીલ



ગાધીનગર : દેશ સહીત ગુજરાતભરમાં પણ કોરોનાની ચોથી લહેરના કેસો સતત વધી રહ્યા છે. ભારતમાં કેરળ અને ગુજરાત હોટસ્પોટ બની જવા પામ્યા છે. દરમ્યાન જ આજ રોજ દેશની સૌથી મોટી બીજી રથયાત્રા યોજાવવા પામી રહી છે ત્યારે રાજય સરકારના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ દ્વારા અપીલ કરાઈ છે કે, કોરોનાના કેસો વધ્યા છે, ત્યારે બીમાર હોય તેવા લોકો રથયાત્રમાં શકય હોય તો ન જોડાય. ઘરેથી જ ભગવાન જગન્નાથના દર્શન કરે. ઘરે બેસીને જ દર્શન કરવાની અપીલ રાજય સરકાર દ્વારા કરવામા આવી છે.

### તિકડમ !
– દેવેન વ્યાસ




## ભારતીય અવકાશયાત્રી શુભાંશુની આઈએસએસ યાત્રામાં ફરી વિલંબ



નવી દીલ્હી : ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન પર લઈ જનારું એક્સિયોમ-૪ મિશન ફરી એકવાર મુલતવી રાખવામાં આવ્યું છે. આ મિશન, જે મૂળરૂપે ૧૦ જૂને પ્રક્ષેપિત થવાનું હતું. તે "પ્રતિકૂળ હવામાન" ને કારણે ૧૧ જૂન પર મુલતવી રાખવામાં આવ્યું હતું અને હવે રોકેટમાં ટેકનિકલ ખામી સર્જાતા તેને ફરીથી મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો છે. સ્પેસએક્સ, જેનું ફાલ્કન ૯ રોકેટ આ મિશન અંતર્ગત

અનુસંધાન પાના નં.૪ પર



## ગુજરાત સરકાર ધ્યાને ન લે..!

# ગાંધીધામ મનપામાં મોટાપેટવાળા અધિકારીને દુર કરો : વરસાદી નાળા સફાઈના નામે સરેઆમ નર્યુ નાટક આદર્યુ..!











**પ્રિ-મોનસુન કામગીરીના પેટે ટાગોર રોડ પર નાળા સફાઈ શરૂ કર્યાનુ દર્શાવાય છે, પરંતુ સ્થળ પર જોવા તો જાવ, જે નાળાઓ સફાઈ થાય છે તે ખુલ્લા છે ખરા : આખાય રોડ પર મસમોટા દબાણોના છે ઘોડાપુર : આડેધડ નાળાઓ છે દબાણમાં, હવે નાણા જ ખુલ્લા નહી હોય, તેના પર દબાણકારોના અતિક્રમણ છે, તો એ નાળાની સફાઈ થશે કેવી રીતે? : પ્રજાજનોનો મોટો ટોણો**

**તસવીરમાં જોવાય છે કે, નાળાના કિનારે જ કચરો પણ મુકી દેવાય છે, એટલે જરાક વરસાદી ઝાપટા આવે અને કચરો ફરી નાળામાં પડે, એટલે બની બેઠેલા અમુક ઠેકદારો, મનપાના એન્જીનીયર અને મોટાપેટવાળા અધિકારીને ફરી ફરીને થઈ પડે ચાંદી : કાગળ પર જ કામ કર્યાના બીલો ઉધારી લેવા, સરકારની તિજોરી પર લુંટ ચલાવી, પ્રજાના ટેક્ષના પૈસા ચાંઉ કરી જવા અને પ્રજાજનોને સતાવતી સમસ્યા તો રહી જાય ત્યાંની ત્યાં જ..!**

**ખાટલે મોટી ખોટ** : કચ્છમાં જ ફરી ફરીને લાંબો સમય સુધી સેવાના નામે મેવાઓ ખાઈ ચૂકેલા મોટાપેટવાળા ખાધેલ અધિકારીને અહીથી તગડો, નહી તો તેમને તો પ્રજાહિતના દરેક કામોમાં ગાંધીછાપ નોટના જ દર્શન થતા રહેશે, સરકારની યોજનાઓ, સારા ઉદેશ્યનો આવા અધિકારીઓ કરતા રહેશે બંટાધાર! : કયાં છે મનપાના એન્જીનીયર સાહેબ..! વરસાદી નાળા સફાઈના કામોનું કોણ કરી રહ્યુ છે ઈન્સપેક્શન? દબાણગ્રસ્ત નાળાઓ પર સફાઈ થયાના એનઓસી પ્રમાણપત્રો કોની સહીથી અપાઈ રહ્યા છે?

## વરસાદી નાળાની લીંપાપોત્તીની બોલતી તસવીરો..!





શહેરના લીલાશાહ સર્કલથી ઓસ્લો સર્કલ, ટાગોર રોડ સુધીનું વરસાદી નાળુ, મામલતદાર રોડ બાજુથી કચ્છ કલા રોડ વરસાદી નાળુ, સુંદરપુરી ટાંકાથી કરીને ડો. હેમાંગ પટેલના દવાખાના સુધી અને બાજુમાં ટાગોર રોડ સુધી મોટાભાગના નાળાઓ કચરાના ગંજથી ઉભરાઈ રહ્યા છે..!

ગાંધીધામ : પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામ શહેરને મહાનગરપાલિકા તો મળી જવા પામી છે પરંતુ જાણે કે શહેરીજનો અને સંકુલના રહેવાસીઓ માટે આ એક પ્રકારનો હથેળીમાં ચાંદ જોવા જેવો જ તાલ બની જવા પામ્યો હોય તેમ સ્થિતી નગરપાલિકાના સમયકાળ કરતા પણ વધારે કથળતી જોવા મળી રહી છે. સંકુલનો પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે કે, મનપા આવ્યા બાદ જે પ્રાથમિક સુવીધાઓ સહિતના લાભો મળી શકશે તેવી ઈંતેજારી ખત્મ થવાની વાત હતી તેના બદલે હવે નગરપાલિકામાથી અહી મનપા બનતા આવી તમામ ઈચ્છાઓ પર પાણીઢોળની સ્થિતી સર્જાતી જોવા મળી રહી છે.

શહેરમાં પાણીનો કકડાળ, સફાઈ, ગંદકી, ગટરો આડેધડ ઉભરાવી, ઢોરોનો ત્રાસ, દબાણોના ધોડાપુર આવી તો અનેકા અનેક સમસ્યાઓ મનપા થયા બાદ પણ એમની એમ જ રહી જવા પામી છે. ગાંધીધામને મનપા તો મળી પણ અધિકારી મોટા પેટવાળા અહી મુકી દેવાયા હોવાની સ્થિતી સાથેનો કકળાટ સામે આવવા પામી રહ્યો છે. જાણકારો કહી રહ્યા છે કે, જયા સુધી કચ્છમાં અલગ અલગ હોદાઓ પર સેવા બજાવવાના નામે જેમણે મેવા ખાવાથી જેઓના પેટ એટલા મોટા થઈ ગયા છે કે,ગમે તેટલુ આપે તે ભરાવવાના જ નથી, તેઓને અહીથી દુર કરવામાં નહી આવે અને કડક, પ્રજાહિતાર્થે કામ કરનાર આઈએએસને કમાન નહી સોપવામા આવે ત્યાં સુધી સંકુલનો સાચો ઉદ્ધાર થતો જોવા મળી શકશે નહી.

આ વિષય એટલા માટે સામે આવી રહયો છે કે, હાલમાં મનપાના ઉપક્રમે શહેરમાં વરસાદી પ્રિમોનસુન કામગીરી હાથ ધરવામા આવી રહી છે. આ કામગીરી શહેરના ટાગોર રોડ પર જેસીબી મશીનો સાથે સફાઈનું કામ મોટાપાયે હાથ ધરવામા

## નાળા સફાઈના કામ પર થર્ડપાર્ટી ઈન્સપેકશન કેમ નહી? ઈન્જીનીયરની જવાબદારી શા માટે ફીટ નથી કરાતી?

ગાંધીધામ : જાણકારો તો અહી બળાપો ઠાલવતા કહી રહ્યા છે કે, નાળા સફાઈના કામમાં જે ધુપ્પલ ચાલે છે તેવુ તો કદાચ જ કોઈ બીજા કામોમાં આચરવામા આવતુ હતુ. પેટા ઠેકેદારોને મોજ આવે તે પ્રમાણે રાતના અંધારામાં અમુક અમુક જગ્યાએ ઢાંકણાઓ ખોલી ટ્રેકટર ભરી તુટેલા-ફુટેલા ઢાંકણાઓપાછા રાખી અને ભાગી જાય છે. નાળા સફાઈ થઈ કે નહી તેનુ થર્ડ પાર્ટ ઈન્સપેકશન કરાય છે કે નહી તે તો ભગવાન જાણે પણ મનપાના ઈન્જીનીયર શુ કરી રહ્યા છે , આવા કામો વખતે? તે અહી મોટો સવાલ થઈ રહ્યો છે.

આવ્યુ હોવાનો દેખાવો થઈ રહ્યો છે. નાળા સફાઈ થાય, વરસાદમાં તે ચોકઅપ ન થાય, પાણીનું વહેણ સહજ બની રહે તે માટેનો આ અભિગમ ખુબજ સારો કહી શકાય પરંતુ અહી મજાનીવાત તો એ છે કે, ટાગોર રોડ કે જયા આ નાળા સફાઈ ચાલી રહી હોવાનુ કહેવાય છે તેમા મોટા ભાગે તો દબાણોના ખડકલા જ સર્જાયેલા જોવાઈ રહ્યા છે. નાળાઓ જે સાફ કરી રહ્યા હોવાનો દાવો કરવામા આવે છે તે કેટલા ખુલ્લા છે? જયાં નાણા જ ખુલ્લા નથી,તેના પર આડેધડ દબાણો કરવામા આવેલા છે, તો એ નાળા સફાઈ થશે કેવી રીતે? અને જો સફાઈ કરી લીધી તેવુ દેખાડાશે તો એ સફાઈ થઈ હશે કેવી? સીધો જ આ એક મોટો સવાલ થવા પામી રહ્યો છે? ટાગોર રોડ પર આડેધડ દબાણો ખડકાયેલા છે, તે વાત તો કોઈથી છાની રહે તેમ નથી, ઓસ્લોથી લઈ અને રોટરી સર્કલ સુધીના માર્ગ પર બન્ને બાજુએ તંત્ર દબાણો દુર કરવાની કામગીરીના ડોળ કરે છે પરંતુ અહીના દબાણકારો વરસોથી બે-ચાર દીવસ આગા પાછા થઈ ગયા બાદ ફરી ફરીને અહી જ ગોઠવાઈ જતા હોય છે. હાલમાં પણ અહી ઠેર ઠેર દબાણોના ઘોડાપુર સર્જાયેલા છે.

તો પ્રશ્ન એ જ છે કે નાળાની સફાઈ થાય કેમ? અહી મનપાના મોટા પેટવાળા અધિકારી, કામ કરનાર અમુક ઠેકેદારો અને મનપાના આંખે અંધાપો કે પાટ્ટા બાંધીને બેઠેલા એન્જીનીયરની ભુમિકાઓ સામે મોટા સવાલો થવા પામી રહ્યા છે. એન્જીનયર મનપામાં છે કે નહી? જો છે તો શેનો પગાર લે છે? તેઓ આવા કામોમાં સ્થાનિક કયારે ચકાસણીઓ કરવા જાય છે? દબાણગ્રસ્ત નાણાઓની સફાઈના કામો પેટે એનઓસી કોણ આપે છે? કયા આધારે આ એનઓસી પ્રમાણપત્રો આપવામા આવે છે? સહીકર્તા કોણ છે?આવા અનેકવિધ સવાલો સાથે જાણકારો કહી રહ્યા છે કે, ગાંધીધામ કે, કચ્છમાં જ અગાઉ રહી ચુકેલા મોટાપેટવાળા સરકારી બાબુઓને કચ્છ બહાર જયા સુધી નહી કરવામાં આવે ત્યાં સુધી તેઓ પોતાની આદતથી મજબુર જ રહેવાના છે, અને પેટ નહી પણ પટ્ટારો હોય તેમ જયા સુધી મારૂ શું..?ની પૂર્તતા ન થાય ત્યાં સુધી કોઈ જ કામોની બહાલી આપતા અટકાતા નહી રહે, અને જે કામોમાં મારૂ શું? આવતુ રહેશે તેમાં પ્રજાજનોના ભાગે તો ઠેંગો જ આવતો રહેશે તે પણ નકકી છે એટલે વહેલાસર જ અગાઉ કચછમાં અને ગાંધીધામમાં જ કામ કરી ચુકેલા હોય તેમને કચ્છ બહારનો રસ્તો દેખાડવો જરૂરી બની રહ્યો છે. નહી તો સરકાર દ્વારા પ્રિમોનસુન કામગીરીના પેટે જ કરોડોની ગ્રાન્ટ ફાળવાતી હોવા છતા આવા બની બેઠેલા મોટાપેટવાળા અધિકારીઓની વૃતીઓ થકી શહેર-સંકુલ અને લોકોન વરસાદના સમય જળભરાવ-ડુબની સ્થિતીનો સામનો કરવાની નોબત આવશે જ આવશે.!

## નખત્રાણા તાલુકા પંચાયતના કમ્પાઉન્ડમાં દારૂની મહેફીલ ?




નખત્રાણા : અહીં તાલુકા પંચાયતના કમ્પાઉન્ડમાં દારૂ અને બિયરની ખાલી બોટલો નજરે પડે છે. ઘણી વખત રજાના દિવસે પંચાયતની લાઈટો ચાલુ રહેતી હોય છે ત્યારે તાલુકા પંચાયતમાં દારૂની મહેફીલો જામે છે તેવા સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકે મહેફીલ થાય છે કે, પછી કોઈ દારૂની બોટલો અહીં ફેંકી જાય છે. તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારી તાલુકા પંચાયતમાં આંટો મારી ગયા પરંતુ આ દારૂની ખાલી બોટલો નજરે ન ચડી હતી. જેથી તરેહ તરેહની ચર્ચાઓ જામી છે.

## ભજારભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ** | | સોવા | ૧૩૦૦-૧૩૫૧ | પીત્તાઈ ગાજર કેશરી | ૩૦-૩૫ |
| **૧૦૦ કિલોના ભાવ** | | **ભચાઉ માર્કેટ યાર્ડ** | | દુધી | ૩-૨૦ |
| ગોવાર | ૪૭૫૦-૪૮૫૦ | એરંડા | ૧૨૪૫-૧૨૭૦ | આદુ | ૪૦-૬૦ |
| મગ | ૭૦૦૦-૭૧૫૦ | સાખજીરૂ | ૩૫૦૦-૩૮૧૧ | કારેલા | ૩૦-૪૫ |
| તુવેર | ૫૬૫૦-૫૯૫૦ | અજમો | ૧૧૦૦-૧૨૯૭ | શક્કરિયા | ૨૫-૩૫ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | | ગોવાર | ૯૦૦-૯૪૦ | ચોળા ડોલર | ૩૦-૫૦ |
| **૪૦ કિલોના ભાવ** | | તુવેર | ૧૦૭૦-૧૧૮૧ | ગીલોડા | ૩૦-૪૦ |
| એરંડા | ૨૫૦૦-૨૫૧૪ | તલ | ૧૨૮૫-૧૫૮૧ | મરચા સીમલા | ૫૦-૬૦ |
| રાયડો | ૨૨૦૦-૨૨૮૮ | જુવાર | ૯૫૦-૯૭૦ | ગોવાર દેશી | ૮૦-૧૦૦ |
| તલી | ૨૮૦૦-૩૧૫૦ | **ભુજ માર્કેટ યાર્ડ** | | ગોવાર | ૬૦-૧૦૦ |
| તલ કાળા | ૫૫૦૦-૫૮૦૦ | **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | | ગીસોડા | ૧૦-૬૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | ડુંગળી | ૧૨-૧૮ | પરવળ | ૩૦-૫૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | બટેટા | ૧૩-૧૮ | સરગવો | ૨૦-૪૫ |
| ઘઉં | ૨૫૮૦ | ટમેટા | ૧૫-૩૨ | ગેલકા | ૨૦-૩૦ |
| ગોવાર | ૪૭૦૦-૪૭૭૦ | મરચા | ૨૦-૫૫ | કોળુ | ૧૦-૧૫ |
| વરિયાળી | ૬૯૦૦-૭૧૧૦ | મરચી | ૩૦-૪૫ | બીટ | ૨૦-૩૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | રીંગણા કાળા | ૫-૧૫ | **ભુજ ફ્રુટ બજાર** | |
| **૪૦ કિલોના ભાવ** | | રીંગણા બાજરીયા | ૫-૧૫ | કેળા કાચા | ૧૦-૨૫ |
| એરંડા | ૨૪૪૦-૨૫૩૫ | કોબી દેશી | ૫-૧૨ | કેળા પાકા | ૨૦-૩૦ |
| જીરૂ | ૬૯૦૦-૭૬૨૦ | કોબી | ૮-૧૮ | પપૈયા કાચા | ૩-૮ |
| તલી | ૩૨૦૦-૪૧૩૦ | ફુલાવર | ૪૦-૫૦ | પપૈયા પાકા | ૫-૧૫ |
| **રાપર માર્કેટ યાર્ડ** | | ફુલાવર દેશી | ૧૫-૪૦ | જામફળ | ૨૦-૧૦૦ |
| વરિયાળી | ૧૨૦૧ | ધાણા | ૪૦-૫૦ | ચીકુ | ૨૦-૪૦ |
| જીરૂ | ૩૪૦૦-૩૫૦૦ | ભીંડા | ૧૦-૩૫ | શક્કરટેટી | ૫-૨૦ |
| તલ | ૧૩૦૦-૧૩૫૧ | કાકડી કાળી | ૫-૧૫ | ફણસી | ૮૦-૧૨૦ |
| રાયડો | ૧૦૫૫-૧૦૮૦ | કાકડી સફેદ | ૫-૧૫ | દાડમ | ૧૦-૫૦ |
| ધાણા | ૧૧૦૦ | કાકડી ખીરા | ૨૦-૪૦ | કલીંગર | ૫-૧૨ |
| મગ | ૧૩૮૦ | પાલક | ૮-૧૫ | પાકી કેરી | ૧૫-૪૦ |
| અજમો | ૧૧૬૬ | લસણ સુકું | ૫૦-૧૦૦ | કેસર કેરી | ૩૦-૪૦ |
| મેથી | ૬૦૦ | લીંબુ | ૧૫-૪૦ | | |

## ભુજ લોહાણા યુવા મંડળ દ્વારા શેરી રમતોત્સવ યોજાયો






### સમાજના ૫૦૦થી વધુ સ્પર્ધકોએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો

ભુજ : લોહાણા મહાજનના સાનિધ્યમાં ભુજ લોહાણા યુવા મંડળ દ્વારા ભુજ લોહાણા મહાજનના પ્રમુખ ડો. મુકેશભાઈ ચંદેના માર્ગદર્શન હેઠળ શેઠ રસિકલાલ કરશનદાસ કતીરા પાર્ટી પ્લોટ મુકામે "શેરી રમતઉત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મહાજનના હોદ્દેદારો તેમજ મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્ય કરી રમતઉત્સવનો શુભારંભ કરાવ્યો હતો.

આ રમતઉત્સવમાં ભુજ લોહાણા મહાજનના ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કર, મંત્રી હિતેશભાઈ ઠક્કર, સહમંત્રી સંજયભાઈ ઠક્કર, પ્રફુલાબેન ભીંડે, અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપના પ્રમુખ જયેશભાઈ સચદે, ભુજ શહેર ભાજપ પ્રમુખ મિતભાઈ ઠક્કર, અખિલ કચ્છ લોહાણા મહાજનના ઉપપ્રમુખ તુષારભાઈ આઈયા, ભુજ લોહાણા મહિલાશ્રમના પ્રમુખ હર્ષદભાઈ ઠક્કર, ભુજ લોહાણા મહિલા મંડળના પ્રમુખ મમતાબેન ઠક્કર, ભુજ લોહાણા મહાજનના સભ્યો દિનેશભાઈ દૈયા, વિરાગભાઈ શેઠ, કમલભાઈ કારીયા, હિનાબેન ઠક્કર, ધીરજભાઈ ઠક્કર, ગોવિંદભાઈ ઠક્કર, રશ્મિકાંતભાઈ ઠક્કર, હર્ષદભાઈ ભીંડે તેમજ વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો હરેશભાઈ તન્ના, જીગરભાઈ રાજદે, નવીનભાઈ રૂપારેલ, અમિતભાઈ ચંદે, ચેતનભાઈ કતિરા, રાજેશભાઈ ઠક્કર, અંકિતભાઈ રાયમંગીયા, સાવનભાઈ પુજારા સહિતના મહાનુભાવો એ ઉપસ્થિત રહી સૌ સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.

આજના આધુનિક યુગમાં જ્યારે બાળકો અને યુવાનો આપણી શેરી રમતોથી વંચિત થઈ રહ્યા છે ત્યારે સમાજના સૌ બાળકો અને યુવાનો આ શેરી રમતોથી અવગત થાય તે હેતુથી યુવા મંડળ દ્વારા કોથડા દોડ, લીંબુ ચમચી, ફ્રોગ રેસ, સ્લો સાઈકલ, મ્યુઝિક ચેર, લંગડી રેસ, થ્રી લેગ રેસ અને ટાયર રેસ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ તમામ સ્પર્ધાઓમાં સમાજના બાળકો, યુવાનો, મહિલાઓ અને પુરુષોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ૫૦૦થી વધુ સ્પર્ધકો જોડાયા હતા અને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ શેરી રમતઉત્સવની મજા માણી હતી. તમામ સ્પર્ધાઓના વિજેતાઓને યુવા મંડળ દ્વારા મેડલ તેમજ ભુજ લોહાણા મહાજન દ્વારા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. તદુપરાંત ભાગ લેનાર તમામ સ્પર્ધકોને આશ્વાસન ઈનામ પણ યુવા મંડળ તરફથી આપવામાં આવ્યા હતા.

યુવા મંડળના મંત્રી નિખિલ ઠક્કરની યાદી મુજબ આ શેરી રમતઉત્સવને સફળ બનાવવા માટે યુવા મંડળના પ્રમુખ નીલ સચદેની આગેવાની હેઠળ ઉપપ્રમુખ વરૂણ ઠક્કર, નમન ઠક્કર, ખજાનચી હાર્દિક ઠક્કર, સહમંત્રી રાજવીબેન ઠક્કર, સંગઠન મંત્રી વ્યોમ કારીયા, રોબિન રૂપારેલ, મિહિર મડૈયાર, જીત ઠક્કર, પ્રણવ, યથાર્થ, બીજલ, રાધિકા, કાજલ, ધાર્મિક, નિગમ, અર્ચિત, હેમિન, પુજન, જય, શુભમ, કરન, નરેન્દ્ર, હેત, શિવમ, અખિલ, અક્ષત, ધવલ સહિત યુવા મંડળની સંપુર્ણ ટીમે જહેમત ઉઠાવી હતી. આ આયોજનને સુપેરે પાર પાડવા માટે જૈમિત ઠક્કરે ખૂબ મહેનત કરી હતી. અલ્પાહારની વ્યવસ્થા દાવડા દાબેલીના સાજનભાઈ દાવડાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન જુગલ પુજારાએ કર્યું હતું.

# કેરા નજીક ગેરકાયદેસર ખનિજ પરિવહન પર સપાટો

ભુજ : તાલુકાના કેરા નજીક ગેરકાયદેસર ખનિજ પરિવહનના કારસા પર પશ્ચિમ કચ્છ ખાણ ખનિજ વિભાગની ટીમે સપાટો બોલાવ્યો હતો.

જિલ્લા કલેકટરની સૂચના અન્વયે પશ્ચિમ કચ્છ ખાણ ખનિજ વિભાગની ટીમે ભુજ તાલુકાના કેરા નજીક દરોડો પાડ્યો હતો. જેમાં બે ડમ્પર અને એક લોડરને પકડી પાડવામાં આવ્યા હતા. આ ડમ્પરોમાં કપચી અથવા મોરમ જેવી ખનિજને ગેરકાયદેસર પરિવહન કરવામાં આવી રહ્યું હતું. સ્થળ પર ખનિજનો મોટો જથ્થો પણ સીઝ કરાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. ખાણ ખનિજ વિભાગની ટીમે આકસ્મિક દરોડામાં ગેરકાયદેસર પરિવહન અટકાવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે ખાણ ખનિજ વિભાગના ઈન્ચાર્જ અધિકારી શ્રી પંડ્યાનો સંપર્ક કરતાં તેમણે કાર્યવાહીને સમર્થન આપ્યું હતું.

# ઓપરેશન સિંદૂર - પીએમ ૩૩ દેશોમાંથી પરત આવેલા ૭ પ્રતિનિધિમંડળોને મળ્યા

## સાંસદો સાથે ભોજન કર્યું, સૌએ પોતાના અનુભવો વર્ણવ્યા

ન્યુ દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સાંજે ઓપરેશન સિંદૂર અને આતંકવાદ સામે ભારતના વલણ વિશે દુનિયાને જણાવીને દેશ પરત ફરેલા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળના સભ્યોને મળ્યા હતા. તેમણે તેમની સાથે રાત્રિભોજન કર્યું હતું. પ્રતિનિધિમંડળના સભ્યોએ પીએમ સાથે તેમના પ્રવાસના અનુભવો શેર કર્યા. ૭ પ્રતિનિધિમંડળના ૫૯ સભ્યોએ ૩૩ દેશોની મુલાકાત લીધી. જેમાં ૫૧ નેતાઓ અને ૮ રાજદૂતોનો સમાવેશ થાય છે.આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ૭ સાંસદોએ કર્યું હતું. તેમાં BJP તરફથી રવિશંકર પ્રસાદ અને બૈજયંત પાંડા, JDU તરફથી સંજય કુમાર ઝા, દ્રમુકમાંથી કનિમોઝી કરૂણાનિધિ, NCP (SP) તરફથી સુપ્રિયા સુલે, કોંગ્રેસના સાંસદ શશિ થરૂર અને શિવસેના (શિંદે જૂથ) તરફથી શ્રીકાંત એકનાથ શિંદેનો સમાવેશ થાય છે. પીએમને મળ્યા પછી થરૂરે કહ્યું, 'પીએમે અમારા બધા સાથે એક કલાકથી વધુ સમય વિતાવ્યો.

તેઓ અલગ અલગ ટેબલ પર ગયા, બધા પ્રતિનિધિમંડળ જૂથો સાથે વાત કરી. તે બિલકુલ ઔપચારિક મુલાકાત નહોતી.અમારામાંથી ઘણાએ તેમને વિદેશ પ્રવાસ અંગેનો અમારો અહેવાલ આપ્યો હતો. જોકે, તેના પર પણ કોઈ ચર્ચા થઈ ન હતી. અમે બધાએ તેમની સાથે ઘણી બાબતો પર વાત કરી, સમય જતાં બધું ખબર પડશે.'AIMIMના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ પીએમ મોદી સાથેની સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની બેઠકમાં હાજરી આપી ન હતી. તેમણે કહ્યું, 'હું દેશની બહાર છું. મેડિકલ ઈમરજન્સીને કારણે મારે દુબઈ જવું પડ્યું. મારા સંબંધી અને બાળપણના મિત્રની તબિયત ખરાબ છે. મેં મારા પ્રતિનિધિમંડળના નેતા બૈજયંત પાંડાને આ અંગે જાણ કરી હતી.'

# પોલીસ ભરતી બોર્ડ દ્વારા આયોજિત LRD પરીક્ષા માટે રાજ્યના વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે એક્સ્ટ્રા બસોનું સંચાલન

ગાંધીનગરઃગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આગામી સમય તા.૧૫ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક સુધી લોકરક્ષક કેડર- LRDની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગર સહિત કુલ ૭ કેન્દ્રો ખાતે પરીક્ષા યોજાનાર છે. જેમાં રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાંથી અંદાજિત ૨.૪૮ લાખ ઉમેદવારો પરીક્ષામાં ભાગ લેશે એમ વાહન વ્યવહાર નિગમે જણાવ્યું છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ઉમેદવારોને પોતાના વતનના નજીકના ડેપો ખાતેથી પરીક્ષા કેન્દ્રના નજીકના ડેપો સુધી જવા-આવવા માટે જરૂરિયાત મુજબ તા.૧૪ જૂન ૨૦૨૫ અને તા.૧૫ જૂન ૨૦૨૫ દરમિયાન એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈને નિગમ દ્વારા એડવાન્સમાં એક્સ્ટ્રા બસ સેવા તથા ઓનલાઈન ટિકિટ બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સમયગાળા દરમિયાન નિગમ દ્વારા બસોના એક્સ્ટ્રા સંચાલન સેવાનું નિગમના ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી તમામ ઉમેદવારો ટિકિટ કાઉન્ટર તેમજ એડવાન્સ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે. ઉમેદવારોને સંચાલન સંબંધિત પુછપરછ માટે નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે તેમ, વાહન વ્યવહાર નિગમે જણાવ્યું છે.

# ભારતની વસ્તી ૧.૪૬ અબજ, ૬૮% લોકો હજુ કામ કરે છે

નવી દિલ્હી : એક નવું સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિષયક અહેવાલમાં જણાવાયું છે કે ભારતની વસ્તી ૨૦૨૫માં ૧.૪૬ અબજ સુધી પહોંચવાની ધારણા છે, જે વિશ્વમાં સૌથી વધુ હશે. દેશની વસ્તીના ૬૮ ટકા લોકો કામ કરે છે. આ અહેવાલમાં એ પણ ખુલાસો થયો છે કે ભારતમાં પ્રજનન દર ઘટીને ૧.૯ જન્મ પ્રતિ મહિલા થયો છે, જે પહેલા ૨.૧ હતો.UNFPA ના સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ ૨૦૨૫, જેનું શીર્ષક 'ધ રીઅલ ફર્ટિલિટી ક્રાઈસિસ' છે, તે પ્રજનનક્ષમતામાં ઘટાડો થવાની ચિંતા કરવાને બદલે એવા પ્રજનન લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આહ્વાન કરે છે જે હજુ સુધી પ્રાપ્ત થયા નથી.તેમાં કહેવામાં આવ્યું છે કે, લાખો લોકો તેમના વાસ્તવિક પ્રજનન લક્ષ્યોને પ્રાપ્ત કરી શકતા નથી. અહેવાલ મુજબ, ઓછી વસ્તી અથવા વધુ પડતી વસ્તીને બદલે, વાસ્તવિક કટોકટી આ છે અને તેનો જવાબ સારી પ્રજનન ક્ષમતામાં રહેલો છે - એટલે કે, જાતીય સંભોગ, ગર્ભનિરોધક અને કુટુંબ શરૂ કરવા વિશે નિર્ણયો લેવાની વ્યક્તિની ક્ષમતા. રિપોર્ટમાં વસ્તી માળખા, પ્રજનન દર અને આયુષ્યમાં પણ નોંધપાત્ર ફેરફારોનો પણ ઉલ્લેખ છે, જે એક મોટા વસ્તી વિષયક સંક્રમણનો સંકેત આપે છે. અહેવાલમાં જાણવા મળ્યું છે કે ભારતમાં પ્રજનન દર ઘટીને ૧.૯ જન્મ પ્રતિ મહિલા થયો છે, જે ૨.૧ ના રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે છે.આનો અર્થ એ છે કે સરેરાશ ભારતીય મહિલાઓ એક પેઢીથી બીજી પેઢી સુધી વસ્તીના કદને જાળવી રાખવા માટે જરૂરી સંખ્યા કરતાં ઓછા બાળકો પેદા કરી રહી છે. જન્મ દરમાં ઘટાડો થવા છતાં, ભારતની યુવા વસ્તી નોંધપાત્ર રહી છે, જેમાં ૦-૧૪ વર્ષના વય જૂથમાં ૨૪ ટકા, ૧૦-૧૯ વર્ષના વય જૂથમાં ૧૦ ટકા અને ૧૯ વર્ષના વય જૂથમાં ૧૦ ટકા છે.૨૦ થી ૩૦ વર્ષના યુવાનોમાં ૧૭ ટકા અને ૧૦ થી ૨૪ વર્ષના યુવાનોમાં ૨૬ ટકા યુવાનોનો સમાવેશ થાય છે. દેશની ૬૮ ટકા વસ્તી કાર્યકારી વય (૧૫-૬૪ વર્ષ) ની છે, જે પર્યાપ્ત રોજગાર અને નીતિ સહાય સાથે સંભવિત વસ્તી વિષયક લાભાંશ પ્રદાન કરે છે.યુએન રિપોર્ટ ભારતને મધ્યમ આવક ધરાવતા દેશોના જૂથમાં મૂકે છે જે ઝડપથી વસ્તી વિષયક સંક્રમણમાંથી પસાર થઈ રહ્યા છે, જ્યાં વસ્તી હવે બમણી થવામાં ૭૯ વર્ષ લાગવાનો અંદાજ છે.

# પહેલા પાનાથી...

### સ્વસ્થ ગુજરાત

દ્વારા યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનના વિવિધ અભ્યાસો અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલજીએ વ્યસ્ત જીવનશૈલીમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત્ત થવા તેમજ નિયમિત યોગાભ્યાસ કરવાની હિમાયત કરી હાયપર ટેન્શન, મેદસ્વિતા નિવારણ તેમજ વિવિધ પ્રકારના આહારમાંથી મળતા તત્વો વિશે ચર્ચા કરી ઊર્જામય જીવન તરફ અગ્રેસર બનવા સૌને પ્રોત્સાહિત કર્યા હતા. યોગને જીવનનો અભિન્ન હિસ્સો બનાવવા અનુરોધ કરતા શ્રી શિશપાલજી તથા રાજ્ય યોગ બોર્ડના સભ્યોએ યોગ અને પ્રાણાયામની કોમન પ્રોટોકોલ તાલીમ આપી નિયમિત વ્યાયામ, તણાવમુક્તિ માટે ધ્યાન, કામના ભારણ સાથે યોગ જેવા વિષયો ઉપર માર્ગદર્શન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની 'મન કી બાત'માં યોગ દ્વારા મેદસ્વિતા દૂર કરવા માટે સમગ્ર દેશની જનતાને સંદેશ આપવામાં આવ્યો હતો, જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે પણ 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન શરૂ કર્યું છે. જેને પરિપૂર્ણ કરવાની દિશામાં આ શિબિર એક સશક્ત પગલું સાબિત થશે. યોગ દ્વારા શારીરિક, માનસિક અને આત્મિક આરોગ્ય તરફ સમાજને પ્રેરિત કરવા તેમજ યોગને જીવનશૈલી બનાવીને વ્યક્તિ-સમાજને તંદુરસ્ત તથા સુખમય બનાવવાના ઉદ્દેશથી આ સમગ્ર યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ યોગ શિબિરમાં અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ યોગસેવકો, યોગપ્રેમીઓ, શિક્ષકો, યુવાનો, વડીલો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### દેશની બીજી

મહારાજ સાથે રાજ્યના પૂર્વનાયબમુખ્યમંત્રીનીતીનભાઈ પટેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર પ્રતિભા જૈન પૂર્વગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના નેતાઓ અને યજમાનો પુજન માં બેઠા હતા અને સાબરમતી નદીના મધ્ય ભાગમાંથી કળશો માં જળ ભરવામાં આવ્યું હતું. ભગવાન જગન્નાથજીની જળયાત્રા સાબરમતી નદીથી નીજ મંદિરે પરત ફરી હતી જળયાત્રા સાથે ૧૦૮ કળશમાં જળ ભરીને લાવવામાં આવ્યા હતા એ જળથી ભગવાન જગન્નાથજીનો જળાભિષેક કરવામાં આવ્યો હતો. અને ત્યારબાદ ભગવાનની ષોડશોપચાર પૂજા વિધિ કરવામાં આવી હતી.અને ભગવાનને ગજવેશ નો શણગાર કરવામાં આવ્યો હતો. આ સમયે મંદિરમાં ઉપસ્થિત ભક્તજનો એ જય રણછોડ માખણચોરના નાદ લગાડતા સમગ્ર મંદિર પરિસર ગૂંજી ઊઠયું હતું. સાબરમતી નદીના કિનારે જગન્નાથ મંદિરના દિલીપદાસજી મહારાજ તેમજ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિતના નેતાઓએ ગંગા પૂજન કર્યું હતું. જગન્નાથ મંદિરથી આજે નીકળેલી ભગવાન જગન્નાથજીની જળયાત્રામાં અલગ અલગ અખાડાના સાધુ સંતો પણ જોડાયા હતા. અમદાવાદ જગન્નાથ મંદિરે થી નીકળેલી ભગવાન જગન્નાથજી ની આગેવાની શણગારેલા ગજરાજો એ કરી હતી. જળયાત્રામાં મોટી સંખ્યામાં બહેનોએ માથે કળશ લઈને યાત્રામાં જોડાઈ હતી આ સમયે જય રણછોડના નારાઓ ગુંજતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

### રાજસ્થાનમાં ભયાવહ

સામસામે ભયંકર ટક્કર થઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર, જે સમયે આ અકસ્માત સર્જાયો, તે સમયે પેસેન્જર વાહનમાં સવાર મોટાભાગના લોકો ઊંઘી રહ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ વાહનમાં આશરે ૧૪ થી ૧૫ લોકો સવાર હતા. આ તમામ લોકો મધ્યપ્રદેશમાં એક લગ્ન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. વાહનમાં નવવિવાહિત યુગલ, તેમના પરિવારજનો અને સંબંધીઓ મુસાફરી કરી રહ્યા હતા. જેવી જ પેસેન્જર ગાડી ભટકાંબાંસ ગામ નજીક પહોંચી. સામેથી આવી રહેલા એક ઝડપી કેન્ટરે તેને જોરદાર ટક્કર મારી. ટક્કર એટલી ભીષણ હતી કે ગાડીના ફુરચા ઉડી ગયા હતા. ઘાયલોને જયપુર ખસેડાયા, તપાસ શરૂ આ ગમખ્વાર અકસ્માતમાં વર-વધૂ સહિત પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હોવાની માહિતી મળી છે, જ્યારે અન્ય ચાર લોકો ગંભઔર રીતે ઘાયલ થયા છે. આ ઉપરાંત, અન્ય ત્રણ લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી છે.

### એડિશનલ કલેકટર

અનુક્રમે બનાસકાંઠા જિલ્લાના લખણીમાં તથા મોરબી ખાતે મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત નવસારીના પ્રવીણભાઈ પટેલ અને પંચમહાલના મહેશભાઈ વાઘેલાને પણ નાયબ મામલતદારમાંથી મામલતદાર તરીકેના પ્રમોશન આપવામાં આવ્યા છે.નાયબ મામલતદારોમાંથી મામલતદારમાં પ્રમોશન આપવા માટેનો કેસ હાઈકોર્ટમાં ચાલુ છે. આ કેસનો જે ચુકાદો આવે તેને આધીન આ પ્રમોશન આપવામાં આવ્યા છે. નવસારીના પ્રવીણ પટેલને તારીખ ૩૧- ૧૦-૨૦૨૧ ની અસરથી પ્રમોશન આપવામાં આવ્યું છે.આવા અન્ય એક હુકમમાં ક્લાસ વન ઓફિસર તરીકે અમદાવાદમાં નાયબ અન્ન નિયંત્રક તરીકે ફરજ બજાવતા કુમારી મૃણાલદેવી ગોહિલની ટ્રાન્સફર ગુજરાત રાજ્ય યોગ બોર્ડમાં ખાસ ફરજ પરના અધિકારી તરીકે કરવામાં આવી છે.રેવન્યુ વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ અત્યાર સુધી એક સાથે બદલીનો મોટો ઘાણવો નીકળી જતો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી છૂટક છૂટક ઓર્ડર થઈ રહ્યા છે અને તેમાં નાયબ મામલતદારથી માંડી એડિશનલ કલેક્ટર કક્ષાના અધિકારીઓની ટ્રાન્સફર તથા પ્રમોશન થઈ રહ્યા છે.

### ભારતીય અવકાશયાત્રી

અવકાશયાત્રીઓને ISS સુધી લઈ જવાનું હતું. તેણે X (અગાઉ ટ્વિટર) પર જાહેરાત કરી છે કે રોકેટમાં "પોસ્ટ સ્ટેટિક ફાયર બૂસ્ટર ઈન્સ્પેક્શન દરમિયાન LOx (લિક્વિડ ઓક્સિજન) લીકેજ" ઓળખવામાં આવ્યું છે, જેને સુધારવા માટે વધારાના સમયની જરૂર છે. સ્પેસએક્સે જણાવ્યું હતું કે, "અમે આવતીકાલના ફાલ્કન ૯ ના Ax-4 લોન્ચને સ્થગિત કરી રહ્યા છીએ જેથી સ્પેસએક્સ ટીમોને પોસ્ટ સ્ટેટિક ફાયર બૂસ્ટર નિરીક્ષણ દરમિયાન ઓળખાયેલા Lox લીકેજને સુધારવા માટે વધારાનો સમય મળી શકે.એકવાર પૂર્ણ થયા પછી — અને રેન્જની ઉપલબ્ધતા બાકી હોય — અમે નવી લોન્ચ તારીખ શેર કરીશું."

# સાંસદો-ધારાસભ્યો દ્વારા રજુ થતા પ્રશ્નોનો તાત્કાલીક નિકાલ કરવા આદેશ

## નાણામંત્રીની અધ્યક્ષતામાં સ્થાયી પરામર્શ સમિતિની બેઠક

ગાંધીનગર : ગાંધીનગર ખાતે નાણા, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં સ્થાયી પરામર્શ સમિતિની બેઠક મળી હતી. ગત બેઠક દરમિયાન ધારાસભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલા મોટાભાગના પ્રશ્નોનો સુયોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે. બેઠકમાં ઉપસ્થિત રહેતા સાંસદસભ્ય - ધારાસભ્યોના સૂચનોથી પ્રજાની સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં સરળતા રહે છે.વધુમાં મંત્રી કનુભાઈ દેસાઈ એ નાણાં તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા કરવામાં આવેલ પ્રજાલક્ષી-નિર્ણયો અને કામગીરીથી ધારાસભ્યોને માહિતગાર કર્યા હતા સ્ટેમ્પ ડ્યુટી તેમજ ઋજઝ મા ઘણા બધા પ્રજાલક્ષી સુધારાઓ કરવામાં આવ્યા છે. ઈ વ્હીકલ તથા મેક્સી કેટેગરીના પેસેન્જર વાહનમાં વેરાના દરમાં ઘટાડો કરેલ છે. રાજ્યના ખેડૂતોના વીજ બિલમાં ફિક્સ ચાર્જમાં ઘટાડો કરવામાં આવેલ છે.

રાજ્યના ૯૮% ગામોના ખેડૂતોને દિવસે વીજળી મળી રહેલ છે. ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીક હોય તો વીજ જોડાણ મેળવવા માટે સહમાલીકની સંમતિની હવેથી જરૂર રહેશે નહીં તેના બદલે અરજદાર દ્વારા નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર અપયેલ સેલ્ફ ડિક્લેરેશન ગ્રાહ્ય રહેશે તેવો ખેડૂતોના હિતમાં નિર્ણય લેવામાં આવેલ છે. તદુપરાંત ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીકના નામ હોય તો દરેક સહમાલીકને તે સર્વે નંબર/જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ આપવામાં આવશે.

# ખાવડામાં પખવાડિયાથી પાણી વિતરણ ઠપ્પ : ગ્રામજનોને વલખા

> **ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા વારંવાર પાણી પુરવઠા તંત્ર સમક્ષ રજૂઆતો છતાં પરિણામ શૂન્ય : કાળઝાળ ગરમી વચ્ચે પાણીના અભાવે લોકો અને પશુધનની હાલત કફોળી**

ભુજ : તાલુકાના સરહદી ખાવડા ગામમાં છેલ્લા એક પખવાડિયાથી પાણી વિતરણની વ્યવસ્થા ખોરવાઈ જતા ગ્રામજનોને પાણી માટે વલખા મારવાની ફરજ પડી રહી છે. હાલે કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે લોકોને પાણી ન મળતા લોકોને નાછૂટકે મોંઘા ભાવે પાણી ખરીદવાની ફરજ પડી રહી છે.

ખાવડા ગ્રામ પંચાયતના સરપંચ જેસંગભાઈ કોલીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨થી ૧૫ દિવસથી પાણી પુરવઠા વિભાગ તરફથી પાણી ન મળતા પાણીના ટાંકા ખાલી પડ્યા છે. પાણી પુરવઠા વિભાગના જવાબદારોને પુછતા યોગ્ય જવાબ મળતો નથી. નર્મદાનું પાણી ન હોવાનું રટણ પાણી પુરવઠા વિભાગ કરે છે. હાલે ઈન્ડિયા બ્રિજને પાણી પહોંચાડવાનું શરૂ થયું છે. એકાદ-બે દિવસ બાદ ખાવડાને પાણી મળશે તેવું પાણી પુરવઠા વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું. સરપંચ જેસંગ કોલીએ વધુમાં જણાવ્યું હતું કે, ઈદ ઉલ અઝહાના થોડું પાણી મળ્યું હતું પરંતુ છેલ્લા પખવાડિયામાં ગ્રામ પંચાયતને પાણી મળ્યું ન હોવાથી ગામના લોકો અને પશુધનને ભારે હાલાકી ઉઠાવવી પડી રહી છે.

# ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૫૩ ટકાથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ

ગાંધીનગર : ચાલુ વર્ષે આગામી દિવસોમાં ચોમાસાનું ગુજરાતમાં આગમન થવા જઈ રહ્યું છે ત્યારે ગત વર્ષે સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૪૪.૧૮ ટકા જળ સંગ્રહ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૫૩.૦૪ ટકા પાણી ઉપલબ્ધ છે. જેમાંથી આગામી સમયમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરવામાં આવશે. ગત વર્ષે આ સમયે એટલે કે, તા. ૧૦ જૂન-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૪૦.૮૧ ટકા જળ સંગ્રહ હતો તેમ જળ સંપત્તિ વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. વધુમાં મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૪૪.૦૮ ટકા જળ સંગ્રહ, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૪૩.૨૫ ટકા જળ સંગ્રહ, ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૩૮ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૮.૧૦ ટકા અને કચ્છના ૨૦ જળાશયોમાં ૨૭.૫૭ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અને જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં સરકારે સુજલામ સુફલામ્ જળ સંચય અભિયાન, નલ સે જલ અભિયાન જેવા જળ સંચયના અનેક અભિયાનો શરૂ કર્યા હોવાથી જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાત આત્મનિર્ભર બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા 'કેચ ધ રેઈન'ના આહ્વાનને સાકાર કરવા ગુજરાતમાં 'કેચ ધ રેઈન- સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦'નો મહેસાણાના દવાડાથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. આ સિવાય સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ધોળીધજા તેમજ મોરબીના મચ્છુ-૩ જળાશયમાં હાલ ૯૧ ટકાથી વધુ પાણી ઉપલબ્ધ છે. જ્યારે કચ્છના કાલાઘોઘા જળાશયમાં ૮૨ ટકાથી વધુ, રાજકોટના ભાદર-૨માં ૭૭ ટકાથી વધુ છોટા ઉદેપુરના સુખી જળાશયમાં ૭૪ ટકાથી વધુ તેમજ રાજકોટના આજી-૨માં ૭૩ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. જ્યારે રાજ્યના ૦૬ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૨૦ જળાશયો ૫૦ થી ૭૦ ટકા તેમજ ૭૧ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. જેના પરિણામે ઉનાળા દરમિયાન પણ રાજ્યમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરીકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પુરૂ પાડવામાં આવ્યું છે તેમ, યાદીમાં વધુમાં જણાવાયું છે.

# અમેરિકાના લોસ એન્જલસમાં લૂંટફાટ શરૂ, માર્ગો પર આગચંપી-તોડફોડ કરાઈ

(એજન્સી દ્વારા) લોસ એન્જલસ : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં સત્તા પર આવતા જ ગેરકાયદે વસાહતીઓ વિરુદ્ધ આકરી નીતિ અપનાવી છે. જોકે, તેમની નીતિઓનો ઘરઆંગણે જ હિંસક વિરોધ થવા લાગ્યો છે અને અમેરિકામાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. ટ્રમ્પની ગેરકાયદે વસાહતીઓને તગેડી મૂકવાની નીતિના વિરોધમાં લોસ એન્જલસમાં ચાર દિવસથી ચાલતા રમખાણો શાંત કરવામાં પ્રમુખ ટ્રમ્પ નિષ્ફળ ગયા છે. દેખાવકારોને ડામવા માટે તેમણે કેલિફોર્નિયાના ગવર્નરની મંજૂરી વિના જ સૈન્ય મોકલતા દેખાવો વધુ હિંસક બન્યા છે. અમેરિકામાં ૧૯૬૫ પછી પહેલી વખત પ્રમુખે ગવર્નરની મંજૂરી વિના શહેરમાં સૈન્ય મોકલતા સ્થિતિ વધુ વણસી છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળની સત્તા સંભાળ્યાના બીજા જ દિવસથી ગેરકાયદે વસાહતીઓને દેશમાંથી તગેડી મૂકવા માટે સૌથી મોટું અભિયાન ચલાવ્યું છે. સેંકડો ગેરકાયદે વસાહતીઓની ધરપકડ કરીને તેમના વતન ધકેલવામાં આવી રહ્યા છે. આ અભિયાનના ભાગરૂપે ઈમિગ્રન્ટ એન્ડ કસ્ટમ વિભાગે લોસ એન્જલસમાં શુક્રવારે દરોડા પાડી ૧૧૮ ગેરકાયદે વસાહતીઓની અટકાયત કર્યા પછી શહેરમાં પ્રમુખ ટ્રમ્પના વિરોધમાં ફાટી નીકળેલા રમખાણો વધુ વકર્યા છે.વિરોધ પ્રદર્શનોને કારણે, લોસ એન્જલસના મેયર દ્વારા શહેરની મધ્યમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. મેયર કરેન બાસે કહ્યું, 'મેં સ્થાનિક કટોકટી જાહેર કરી છે અને લોસ એન્જલસના ડાઉનટાઉનમાં તોડફોડ અને લૂંટફાટ અટકાવવા માટે કર્ફ્યુ જારી કર્યો છે. કર્ફ્યુ મંગળવારે રાત્રે ૮ વાગ્યાથી બુધવારે સવારે ૬ વાગ્યા સુધી અમલમાં રહેશે.'કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં ગેરકાયદે વસાહતીઓની તરફેણમાં થયેલા દેખાવોને ડામવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગવર્નર ગેવિન ન્યૂઝમની મંજૂરી વિના જ શહેરમાં ૨૦૦૦થી વધુ નેશનલ ગાર્ડ તૈનાત કર્યા હતા. જોકે, ટ્રમ્પના આ પગલાંથી દેકાવકારો વધુ ઉગ્ર બન્યા હતા.

## ચીને ભારતનો આભાર માન્યો

# ભારતીય નેવીએ સળગતા જહાજમાંથી ચીનના ઈજનેર સહિત ૧૮ને બચાવ્યા

(એજન્સી દ્વારા)

ઓટાવા : કેરળના અઝિક્કલ સમુદ્ર તટથી ૪૪ નોટિકલ માઈલના અંતરે મધદરિયે ચીનના એક માલવાહક જહાજ MV Wan Hai 503cમાં વિસ્ફોટ બાદ પ્રચંડ આગ લાગી હતી. ભારતીય નૌસેના અને કોસ્ટ ગાર્ડે બચાવ કામગીરી હાથધરી હતી જેમાં બે ડઝન જેટલા લોકોને બચાવવામાં આવ્યા હતા. ચાર લોકો હજુ લાપતા હોવાનું જણાય છે.ચીનનું માલવાહક જહાજ સિંગાપોરથી યુએઈ તરફ જઈ રહ્યું હતું ત્યારે ૯ જૂને કેરળના કાંઠા નજીક આ જહાજ પહોંચતા કન્ટેનર બે વિભાગમાં ધડાકો થયો હતો અને બાદમાં આગ લાગી હતી. ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડે બચાવ ઓપરેશન દરમિયાન સળગતા જહાજમાંથી ચીનના ઈજનેર સહિત ૧૮ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. જહાજમાં કુલ ૨૨ સભ્યો હોવાની વિગતો મળી હતી અને ચાર લોકોની ભાળ મળી શકી નથી. ઘાયલો પૈકી બેની સ્થિતિ ગંભીર છે, ચારને સામાન્ય ઈજા છે જ્યારે ૧૨ લોકોને નાની-મોટી ઈજા થઈ છે અને આઘાત લાગ્યો છે. ભારતીય નેવી અને મુંબઈ કોસ્ટ ગાર્ડની આ સાહસિક બચાવ કામગીરીને વૈશ્વિક સમુદાયે બિરદાવી હતી. ચીનના દૂતાવાસના પ્રવક્તાએ આગ લાગ્યા બાદ ત્વરિત કાર્યવાહી કરવા બદલ ભારતો આભાર માન્યો હતો.

# મોદીની હાજરીમાં કેબીનેટ સુરક્ષા સમીતીની બેઠક યોજાઈ

## સેનાના વડા, એનએસએ સહિતનાઓ રહ્યા હાજર : સુરક્ષા વ્યવસ્થાઓ બાબતે કરાયા ચર્ચા પરામર્શ

નવી દીલ્હી : આજ રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા સમીતીની કેબીનેટની બેઠક મળવા પામી હતી. આ બેઠકમાં ભારતીય સૈન્યના વડાઓ હાજર રહ્યા હતા. એનએસએ અજીત ડોભાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. દેશમાં આતંરીક અને બાહ્ય સુરક્ષાને લઈને આ બેઠકમાં ચર્ચાઓ કરવામાં આવી હતી.

# ગેરકાનુની વસાહતીઓ સામેની કાર્યવાહીમાં ટ્રમ્પ મક્કમ

## મરીન ઉતાર્યાઅમેરિકાના વધુ શહેરોમાં તોફાન પ્રસર્યા : લોસ એન્જીલીસમાં કર્ફ્યું

વોશિંગ્ટનઃ અમેરિકામાં ગેરકાનુની વસાહતીઓને શોધી શોધીને તેને તડીપાર કરાતા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ તથા અમેરિકી ઈમીગ્રેશન એજન્સીની આકરી કાર્યવાહીના વિરોધમાં લોસ એન્જીલીસમાં પ્રથમ તોફાનો પાટી નિકળ્યા બાદ હવે તે અમેરિકાના વધુ શહેરો સુધી ફેલાતા અને વધુ હજારો લોકો સડક પર આવીને આગજની-તોડફોડ અને વ્યાપક લુંટફાટ શરૂ કરતા હવે ટ્રમ્પ તંત્ર માટે આ તોફાનો ડામવા એ મોટો પડકાર બની ગયો છે.

તો ત્યારથી આ તોફાનોનો પ્રારંભ થયો ત્યાં વધુ હજારો નેશનલ ગાર્ડની સાથે ખતરનાક ગણતા ૭૦૦ મરીનને પણ કાયદો વ્યવસ્થા જાળવ્યા મુજબ તંત્ર તો મેદાનમાં ઉતરતા જ આ રાજયના ગવર્નર ભડકી ઉઠયા છે. જો કે લોસ એન્જીલીસમાં તોફાનો વકરતા કર્ફયુ લાદવામાં આવ્યો છે તથા મહાનગરના મેયર કટોકટી જેવી સ્થિતિ હોવાનું જાહેર કર્યુ છે.

તેઓએ પ્રમુખ ટ્રમ્પને હાલ ગેરકાનુની વસાહતીઓ સામેની કાર્યવાહી બંધ રાખવા અપીલ કરી છે. લોસ એન્જીલીસના પુરા ડાઉનટાઉનમાં કર્ફયુ લાદી દેવાની ફરજ પડી છે પણ તોફાનોની માંગ ન્યુયોર્ક, સાન ફ્રાન્સીસ્કો, એટલાન્ટા, સિએટલ, શિકાગો, ડલામ, લ્યુઈસવિવ, શેરલોટ, પ્રિટર્સબર્ગ બોસ્ટન અને પાટનગર વોશિંગ્ટન ડી.સી. સુધી પહોંચી ગઈ છે.

છેલ્લા પાંચ દિવસમાં આ પ્રકારે તોફાનો વધ્યા છે. સેંકડો લોકોની ધરપકડ થઈ છે. પોલીસ ટોળાને વિખેરવા અશ્રુવાયુ રબ્બર બુલેટ તથા ફલેશગનનો ઉપયોગ કરી રહ્યા છે. લોસ એન્જીલીસમાં રાત્રી કર્ફયુ બાદ પણ તોફાનો ચાલુ છે અને એપલ સ્પેસ સતત ૨૩ વ્યાપારી સ્થળો પર લુંટફાટ થઈ છે. હાલ આ મહાનગરમાં ૪૦૦૦ નેશનલ ગાર્ડ મોજૂદ છે અને હવે ૭૦૦ મરીન પણ તેમાં સામેલ થયા છે.લોસ એન્જીલીસના ગવર્નર ગેવિન ન્યુસમ પ્રમુખ ટ્રમ્પની આ રીતે દેશની જનતા સામે જ સૈન્યને ઉતારવા બદલ આકરી ટીકા કરી હતી. શિકાગોમાં જે રીતે તોફાનો શરૂ થયા અને ૧૦૦૦થી વધુ લોકો માર્ગ પર આવ્યા બાદ વધુ હજારો તેમાં જોડાયા હતા અને તે આગ છેક વોશિંગ્ટન ડી.સી. સુધી પહોંચી છે.

# દેશના પ્રવાસનને મળશે નવી ગતિ : કાશીથી શરૂ થશે ભારતમાં પહેલી ઈકો ફ્રેન્ડલી ક્રુઝ

(એજન્સી દ્વારા) વારાણસી : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્ર કાશીમાં પર્યાવરણને અનુકૂળ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી રહી છે. ઓગસ્ટથી દેશનું પહેલું હાઈડ્રોજન-ઈંધણયુક્ત કેટામરન ક્રુઝ ગંગાના મોજા પર દોડવાનું શરૂ કરશે. આ અત્યાધુનિક ક્રુઝ કોચી શિપયાર્ડમાં લગભગ ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે. તેમાં ૫૦ પ્રવાસીઓની બેઠક ક્ષમતા છે અને તે સંપૂર્ણપણે હાઈડ્રોજન ઈંધણ પર ચાલશે. ઉપરાંત, બેકઅપ તરીકે તેમાં ઈલેક્ટ્રિક એન્જિન પણ સ્થાપિત કરવામાં આવ્યું છે.પર્યટન વિભાગના નાયબ નિયામક આર.કે. રાવતના જણાવ્યા અનુસાર, ક્રુઝમાં સ્થાપિત ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પર દરેક ઘાટનો ઈતિહાસ અને સાંસ્કૃતિક મહત્વ પ્રવાસીઓને બતાવવામાં આવશે. પ્રવાસીઓ સંગીતના સુરીલા સૂરો વચ્ચે ગંગાના ઘાટની ભવ્યતાનો આનંદ માણી શકશે.

## ન્યુઝ @ ૨:૦૦.!

- પોરબંદરના ચોપાટી ગ્રાઉન્ડ પર એક મંડપ ધરાશાયી :૧નું મોત : ૧૫ જટેલા લોકો થયા ઘાયલ - દિલ્હીમાં કાલકાજી વિસ્તારમાં જોરદાર વિરોધ વચ્ચે આજે સવારથી ફરી મેગા ડીમોલીશની કાર્યવાહી - માલવણ-કચ્છ હાઈવે પર ચક્કાજામ : સુરેન્દ્રનગરના સોલડી ટોલનાકે ટ્રક ડ્રાયવરને માર મારવામાં આવતા સર્જાયો ટ્રાફિક જામ : પોલીસ ઘટના સ્થળે પહોચી

# અલ કાયદાના હિટલિસ્ટમાં છે ટ્રમ્પ-મસ્ક સહિત મોટા નેતાઓના નામ, વિશ્વભરમાં ખળભળાટ

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અલ કાયદા ઈન અરેબિયન પેનિનસુલાએ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. પરંતુ અમેરિકા દ્વારા આ અંગે સત્તાવાર રીતે કંઈ નિવેદન સામે આવ્યું નથી. જો કે, એક્યુએપી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઉપરાંત અન્ય લોકોના નામ પણ છે. જે વીડિયો સામે આવ્યો છે તેમાં આ ધમકીનું કારણ ગાઝામાં થઈ રહેલી હિંસા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.અહેવાલો અનુસાર, અલ કાયદાની યમન શાખાએ ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં અમેરિકાની ભૂમિકા બદલ ડોનાલ્ડ ટ્રમ્પ અને એલોન મસ્કને મારી નાખવાની ધમકી આપી છે. માર્ચ ૨૦૨૪માં એક્યુએપીની કમાન સંભાળનારા સાદ બિન અતાફ અલ અવ્લાકી દ્વારા એક વીડિયો સંદેશ બહાર પાડવામાં આવ્યો છે.લગભગ અડધા કલાક લાંબા આ વીડિયોમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્ક ઉપરાંત ઉપપ્રમુખ જેડી વેન્સ, વિદેશ મંત્રી માર્કો રુબિયો, રક્ષા મંત્રી પીટ હેગસેથના ચહેરા દેખાય છે. આ ઉપરાંત, ઈજિપ્ત, જોર્ડન અને ખાડીના આરબ દેશોના નેતાઓને મારી નાખવાની અપીલ છે. આ ઉપરાંત છઊછના વાડાએ અમેરિકામાં રહેતા લોકોને ગાઝામાં ચાલી રહેલા યુદ્ધનો બદલો લેવાની અપીલ કરી છે.એક્યુએપી અલ કાયદાની સૌથી ખતરનાક શાખા ઉલ્લેખનીય છે કે, એક્યુએપીને અલ કાયદાની સૌથી ખતરનાક શાખા માનવામાં આવે છે. અમેરિકાએ અલ અવ્લાકી પર ૬૦ લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યું છે.

# અનિશ્ચતતા છતાં ભારતના GDP ગ્રોથનો અંદાજ ૬.૩%

(એજન્સી દ્વારા) વોશિંગ્ટન : વર્લ્ડ બેન્કે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારતના જીડીપી ગ્રોથનો અંદાજ ૬.૩ ટકા યથાવત રાખ્યો છે. તેણે કહ્યું છે કે ચાલુ વર્ષે ભારત સૌથી ઝડપી વૃદ્ધિ કરતા અર્થતંત્ર તરીકે તેનું સ્થાન જાળવી રાખશે.

અગાઉ એપ્રિલમાં વર્લ્ડ બેન્કે ભારતના ગ્રોથનો અંદાજ ૬.૩ ટકા આપ્યો હતો અને ગત જાન્યુઆરીમાં ૬.૭ ટકા આપ્યો હતો. વર્લ્ડ બેન્કના મતે ચીનનો જીડીપી ગ્રોથ ચાલુ વર્ષે ૪.૫ ટકા રહેશે અને આગામી વર્ષે ઘટીને ૪ ટકા થશે.વર્લ્ડ બેન્કના લેટેસ્ટ ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ અનુસાર ભારતમાં ઔદ્યોગિક વૃદ્ધિદર ધીમો પડ્યો છે, તેમ છતાં કન્સ્ટ્રક્શન અને સર્વિસીઝ એક્ટિવિટી મજબૂત રહી છે અને કૃષિ ઉત્પાદન પણ સારું રહ્યું છે. તેને કારણે ગ્રામીણ વિસ્તારોમાં માંગ વધી છે. તેણે કહ્યું કે ભારતનો જીડીપી ગ્રોથ ચાલુ વર્ષે ૬.૩ ટકા રહેશે અને સૌથી ઝડપી વૃદ્ધિ કરતા અર્થતંત્ર તરીકે તે તેનું સ્થાન જાળવી રાખશે. જોકે ગત જાન્યુઆરીમાં વર્લ્ડ બેન્કે ભારતના ગ્રોથનો જે અંદાજ આપ્યો હતો તેમાં તેણે એપ્રિલમાં ૦.૪ ટકાનો ઘટાડો કર્યો હતો અને એ જ અંદાજ તેણે જાળવી રાખ્યો છે. મહત્વના વ્યાપાર ભાગીદાર દેશોમાં નબળી કામગીરીને કારણે ભારતની નિકાસને અસર થઈ છે. આ ઉપરાંત ટ્રેડ બેરિયર પણ વધ્યા છે તેમ વર્લ્ડ બેન્કે કહ્યું હતું.

# ભીરંડિયારા જિલ્લા પંચાયત હેઠળની ૩ ગ્રામ પંચાયત થઈ સમરસ

### સાડઈ, હોડકા અને સાંયરા ગ્રામ પંચાયતના સરપંચ બિનહરીફ વરાયા



ભુજ : તાલુકાના ભીરંડિયારા જિલ્લા અને તાલુકા પંચાયત સીટ હેઠળ આવતી ત્રણ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. સાડઈ જુથ ગ્રામ પંચાયતના સરપંચ પદે મુસ્તાક ઈસ્માઈલ પઠાણ, હોડકા જૂથ પંચાયતના સરપંચ પદે. સલામ હાસમ હાલેપોત્રા અને સાંયલા ગ્રામ પંચાયતના સરપંચ પદે જુણસ ફતેહમામદ નોડે બિનહરીફ વરાયા હતા. નવનિર્વાચિત સરપંચોએ ગામના વડિલો, યુવાનો, સર્વે સમાજના આગેવાનો, મતદારો અને શુભચિતકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

નવનિયુક્ત સુકાનીઓને ભુજ એપીએમસીના ચેરમેન હઠુભા ભાણજી જાડેજા, ભીરંડિયારા જિલ્લા પંચાયત સદસ્ય ફકીરમામદ ઈસ્માઈલ રાયસી, તાલુકા પંચાયત સદસ્ય અબ્દુલ્લા બુઢા, રમજાન હાજી જુણસ હાલેપોત્રા, જુમા મીઠન થેબા, રાયબ થેબા, ચનેસર હાજી શાઉ રાયસી, બુધાભાઈ બંભા, ફકીરમામદ જત, નૂરમામદ ખમીસા જત, ઈબ્રાહિમ સમેજા, ખુસીમામદ જત, હાજી મુસા જીએજા, સોઢા જત, અમરફ પઠાણ, મુસા સાધક રાયસી, અબ્દુલ કલામ પુના રાયસી, ઉમર મલુક રાયસી, સોયબ વડલ મુતવા, વિરા આલા મારવાડા, દેવદાના મારવાડા, કેશાભાઈ દેવા, ઈબ્રાહીમ જાગણ રાયસી વગેરેએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગ્રામ પંચાયતની ચૂંટણી દરમિયાન મંજૂરી સિવાય કોઈપણ વ્યક્તિ હથિયાર ધારણ કરી શકશે નહીં

ભુજ : રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય - વિભાજન - મધ્યસત્ર - પેટા ચૂંટણીઓ-૨૦૨૫ તા.૨૮/૫ના રોજ જાહેર થયેલ છે. કચ્છ જિલ્લામાં તા.૨૨/૬ના રોજ મતદાન તથા તા.૨૫/૬ના રોજ મતગણતરી થનાર છે. આ ચૂંટણીઓ દરમિયાન કચ્છ જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ મતદારો પોતાના મતનો ઉપયોગ મુક્ત અને નિર્ભય રીતે કરી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં થાય અને કોઈ વિક્ષેપો ઉભા ન થાય તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલે જાહેરનામું બહાર પાડ્યું છે, જે અંતર્ગત કચ્છ જિલ્લાની ચૂંટણી હેઠળની તમામ ગ્રામ પંચાયતોના મતદાર વિસ્તારમાં અપવાદ સિવાયના કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ શસ્ત્ર ધારણ કરી ફરવુ નહીં. તેમજ હથિયાર પોતાના રહેઠાણના સ્થળે સેફ કસ્ટડીમાં રાખવા. હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યક્તિગત અને વિગતવાર સમીક્ષા કરીને જામીન પર છૂટેલા વ્યક્તિઓના હથિયાર તેમજ ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓના હથિયાર તેમજ અગાઉ કોઈપણ સમયે ખાસ કરીને ચૂંટણીના સમયગાળા દરમિયાન રમખાણોમાં સંડોવાયેલા હોય તેવી વ્યકિતઓના હથિયાર અને કોઈપણ પ્રકારના ચૂંટણીલક્ષી ગુનાઓમાં સંડોવાયેલા હોય તેવી વ્યક્તિઓના હથિયાર જે-તે પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે પોલીસ અધિક્ષક, પશ્ચિમ કચ્છ-ભુજ તથા પોલીસ અધિક્ષક, પૂર્વ કચ્છ-ગાંધીધામને અધિકૃત કરવામાં આવે છે. એજન્સી - એકમના અધિકૃત અધિકારીએ આવા સિક્યુરીટી ગાર્ડની વિગતવાર માહિતી જે તે સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશને આ અંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે. શૂટીંગની રમતના રમતવીર કે જેઓ વિવિધ સ્તરે રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનના સભ્ય છે અને તેમણે વિવિધ શૂટીંગ સ્પર્ધામાં ભાગ લેવાનો થતો હોય જેમાં તેઓ તેમની રાઈફલનો ઉપયોગ કરે છે તેમને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવે છે. આ જાહેરનામાનો અમલ તા.૨૭/૬ સુધી કરવાનો રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## છેલ્લા પાનાનું ચાલુ... કચ્છમાં ગ્રામ સ્વરાજ્યની

અબડાસા તાલુકાની ૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે. ચરોપડી ગ્રામ પંચાયત બિનહરિફ થઈ છે. ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ડમી ઉમેદવારો પોતાના ફોર્મ પરત ખેંચતા ચૂંટણીનં ચિત્ર સ્પષ્ટ થયું છે. આ ઉપરાંત ૨૪ કલાક દરમિયાન અનેક ગામોમાં ખાટલા બેઠકો ચાલી હતી. જેમાં ઉમેદવારોને સમજાવટના છેલ્લી ઘડીના પ્રયાસો કરાયા હતા. જે પૈકી જે સભ્યોને મનાવી લેવાયા હતા તેમણે પણ પોતાના ફોર્મ પરત ખેંચ્યા હતા. આજે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે જિલ્લાના વિવિધ તાલુકાઓની મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીએ ફોર્મ પરત ખેંચવાની કામગીરી ચાલી હતી.

ભુજમાં કનૈયાબે ગ્રામ પંચાયતના વોર્ડ નં.૧ અને ૪ ના સભ્યો હાસમશા ઓસમાણશા અને કરીમાબેન હાજી જુસબશાએ ફોર્મ પરત ખેંચી લીધા હતા. થરાવડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં દક્ષાબેન હસમુખ ભગત અને સરપંચ પદના અશ્વિન શામજી ભગત બે ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા હતા. ભુજ તાલુકાની સૌથી મોટી માધાપર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ જોવા મળી રહ્યો છે. જેમાં સરપંચ પદ માટે કુલ ૭ ઉમેદવારોએ ફોર્મ હતા. જે પૈકીના ૩ ઉમેદવારોએ પોતાનું ફોર્મ પરત ખેંચી લીધું હતું. અબડાસા તાલુકાની વધુ એક ગ્રામ પંચાયત બિનહરીફ થઈ હતી. અબડાસાની ઉસ્તિયા ગ્રામ પંચાયતના સરપંચ પદે પુરબાઈ જુમા મહેશ્વરી બિનહરીફ વરાયા છે. તેમની સામે ઉમેદવારી નોંધાવનાર માજી સરપંચ કુંવરબેન ખીમજી મહેશ્વરીએ પોતાનું ફોર્મ આજે પરત ખેંચી લીધું હતું.


મુન્દ્રા તાલુકાના શિરાચા ગામમાં આગેવાનોના પ્રયાસ અને ગ્રામજનોની સર્વસંમતિથી માધુ રાઘુભા ચૌહાણની પેનલ બિનહરીફ થઈ હતી. હરીફ ઉમેદવારોએ ગામના વિકાસમાં સાથે રહી સહભાગી થવાની સહમતી સાથે પોતાના ફોર્મ પરત ખેંચી લીધા હતા. ભુજ તાલુકાના કુરબઈ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદ માટે ભરાયેલ ત્રણ ફોર્મ પૈકી એક ફોર્મ પરત ખેંચાયું હતું. મુન્દ્રા તાલુકાની ડેપા ગ્રામ પંચાયતમાં સરપંચ ખોડ નિશાબા હિંમતસિંહ અને ઉપસરપંચ જાડેજા રણજીતસિંહ ભુરૂભાની સાથે સભ્યોની પેનલ બિનહરીફ થઈ હતી. આજે પણ કચ્છના વિવિધ ગામોમાં હરીફ ઉમેદવારોને સમજાવટના પ્રયાસો મોડે સુધી ચાલુ રહ્યા હતા. ગામના આગેવાનોએ સરપંચ અને સભ્યોને બિનહરીફ કરવા છેલ્લી ઘડીના પ્રયાસો ચાલુ રાખ્યા હતા.

આજે ફોર્મ પરત ખેંચી લેવાની પ્રક્રિયા પૂર્ણ થતા હવે ચૂંટણી જંગના મેદાને રહેલા ઉમેદવારો ચૂંટણી પ્રચારમાં જોતરાઈ જશે. કચ્છમાં અઢીથી ત્રણ વર્ષના સમયગાળા બાદ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ રહી છે. ખાસ કરીને મોટી વસ્તી ધરાવતા ગામોમાં ચૂંટણીનો માહોલ ધીમેધીમે ગરમાઈ રહ્યો છે. ઉમેદવારોએ મતદારોને રિઝવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ૨૨ મી જૂનના મતદાન બાદ ૨૫મી જૂનના મતગણતરી હાથ ધરાશે. ત્રણ વર્ષ જેટલા લાંબા સમય બાદ કચ્છની ગ્રામ પંચાયતોને સૂકાની મળવાના હોઈ ગ્રામિણ મતદારોમાં લોકશાહીના પર્વને લઈ ખાસ્સો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# નખત્રાણા ગ્રામ પંચાયતની ચૂંટણી ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા સંપન્ન

### ઉમેદવારને ફોર્મ પાછા ખેંચવા અગ્રણીઓ આખી રાત ઉજાગરા કર્યા : અડધો અડધ ઉમેદવારી પત્રકો પરત ખેંચાય તેવી વકીઃ ડાડોર ગ્રામ પંચાયત સરપંચ પદ ઉમેદવારનું ફોર્મ રદ્દ કરાયું : સાંયરા, વિભાપર, વિથોણમાં ચૂંટણી જંગ જામે તેવા એંધાણ : સુખપર (રોહા) માં ત્રિ-પાંખિયો જંગ આજે સાંજે ચિત્ર ચોખ્ખું





નખત્રાણા : તાલુકામાં ૧૩ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં સરપંચના ૪૮ અને સભ્યોના ૧૩૭ ફોર્મ ભરાયા છે. ૩૭ બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાશે. આજ ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે મોટાભાગના ગામોમાં અડધો અડધ વોર્ડની બિનહરીફ ચૂંટણી થાય તેવી વકી છે. તાલુકાનું સમગ્ર ચિત્ર બપોરે ૩ વાગ્યા પછી સ્પષ્ટ થશે, પરંતુ ગઈકાલે રાત્રે જયાં જયાં સરપંચોની- વોર્ડની પેનલ ટૂ પેનલ ચૂંટણી યોજાનારી છે. ત્યાં આખી રાત અગ્રણીઓ ઉમેદવારને સમજાવટના પ્રયાસો કર્યા છે. ઉજાગરો વસુલ થાય તેવા સંજોગો ઉજળા બન્યા છે. આજે સાંયરા (યક્ષ) વોર્ડ નં. ૮ સામાન્ય સ્ત્રી, અ.જા. બેઠક પર વિણાબેન કલ્પેશ મહેશ્વરી તથા વોર્ડ નં. ૪ સામાન્ય અ.જા. બેઠક પર ચંદુભાઈ પૂજાભાઈ મહેશ્વરીએ દાવેદારી પરત ખેંચી હતી. વિભાપરમાં ડમી સરપંચ પદે નારાણ કાનજી પટેલે ઉમેદવારી પરત ખેંચી હતી. વોર્ડ ૪માં સ્ત્રી સામાન્ય બેઠક પર સંગીતાબેન કપીલ છાભૈયાએ ફોર્મ પરત ખેચ્યું હતું. ચૂંટણી અધિકારી તરીકે કલ્પેશ પટ્ટણી રહ્યા છે. જયારે રોહા સુમરી ડમી સરપંચ પદે દર્શનગિરિ ધરમગિરિએ ઉમેદવારી પત્રક પરત ખેચ્યું છે. તેમના ચૂંટણી અધિકારી વર્ષાબેન જાની હતા. ડાડોર ગ્રામ પંચાયત સરપંચ પદના પાંચ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા, જે પૈકી સરપંચ પદના એક ઉમેદવારનું ફોર્મ રદ્દ કરવામાં આવ્યું હતું. ડાડોર ગ્રામ પંચાયત બિનહરીફ થાય તે માટે હજુ પણ પ્રયાસો જારી રખાયા છે તેવું દાઉદભાઈ થેબાએ કહ્યું હતું. વિથોણ ખાતે પણ સમજાવટની બેઠક આ લખાય છે ત્યારે ચાલુ હતી. ટૂંકમાં આ તાલુકામાં ૧૩ પૈકી અડધા ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં જંગ જામે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. સાચુ ચિત્ર બપોર બાદ જાણવા મળશે.

# ભાજપના શાસનમાં નખત્રાણા તાલુકાનો સોળે કળાએ વિકાસ થયો : પ્રધ્યુમનસિંહ જાડેજા

### નખત્રાણા ખાતે ૧૯૨ લાખના ખર્ચે સાત જેટલા વિકાસકામોનું કરાયું ખાતમુહૂર્ત અને લોકાર્પણ







નખત્રાણા : ભાજપ સરકારના શાસનમાં નખત્રાણા તાલુકામાં કરોડોની ગ્રાન્ટથી અનેક વિકાસ કામો થયા છે તેવું નખત્રાણા ખાતે ૭ જેટલા વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતા અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહે કહ્યું હતું.

નખત્રાણા નગરપાલિકા વિસ્તારના ૭ જેટલા સીસી રોડ, પાણી સ્ટોરેજ ટાંકાનું લોકાર્પણ ૧૭૨ લાખના વિકાસકામોનું અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે રોડ, રસ્તા અને પાણીના થતા વિકાસકામોમાં સરકારના માધ્યમથી ખર્ચાતા પૈસા લોકોના જ છે. આ મિલકત આપણી જ સંપત્તિ છે, જેથી જયાં વિકાસકામો થઈ રહ્યા છે તેના માલિક જનતા જે છે માટે દેખરેખ રાખવી આપણી ફરજ છે. કોન્ટ્રાક્ટરો દ્વારા કરાતા કામોને પોતાના કામોની મિલકત સમજી સ્થાનિક લોકો કામ ઉપર ધ્યાન રાખે કામ બરોબર થતું ન હોય તો તેની જાણ પાલિકામાં કરવી, જેથી નબળું કામ અટકાવી શકાય તેમ જણાવ્યું હતું. રસ્તા કામનું એક વખત નિર્માણ થયા પછી પાંચ - સાત વર્ષ વચ્ચે ફરી કામ થાય નહીં માટે સમય મર્યાદા સુધી ચાલે તેવો ટકાઉ મજબૂત કામ કરવા કોન્ટ્રાક્ટરોને ટકોર કરી હતી.

આઝાદી પછી નખત્રાણાના કોલીવાસનો પાકો રસ્તો પ્રથમ વખત બન્યો છે. નબળા પછાત વિસ્તારનો ગામના મુખ્ય માર્ગોને જોડતો રૂપિયા ૧૭ લાખના ખર્ચે નિર્માણ પામનાર સીસી રોડ માટે ધારાસભ્યના સતત પ્રયત્નોથી મંજૂર થયો છે. ધારાસભ્યની કામગીરીની અને મહેનતને ચેમ્બર ઓફ કોમર્સના રાજેશભાઈ પલણે બિરદાવી હતી. નખત્રાણા તાલુકાના ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણીએ કેન્દ્ર અને રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકારો અને પાર્ટીના પદાધિકારી કાર્યકરોના સંગઠન અને જનતાની સહકારની હૂંફની ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના પ્રજા વિકાસલક્ષી કામો કરવાની ધગશ અબડાસા મત વિસ્તારના વિકાસકામો ટોપ ગતિએ છે તે ધારાસભ્યને આભારી છે. નખત્રાણા મણીનગર જ્યોતેશ્વર મહાદેવ મંદિર લખપત હાઈવેને જોડતો માર્ગ આરસીસી રોડ, ધોળા તળાવ પાસે બોક્સ કલવરટનું કામ, જીલ સોસાયટી બોક્સનું કામ, રામદેવપીર મેળા પાસે બોક્સ કલવર્ટનું કામ, હિન્દુ સ્મશાન ગૃહ પાસે બોક્સ કલવર્ટનું કામ, રામદેવનગર વિસ્તારમાં સૌપ્રથમ રૂા. ૪૧.૫૦ લાખના ખર્ચે સીસી રોડ, પીજીવીસીએલ કચેરી પાસે બોક્સ કલવરટનું કામ તથા ગણેશનગરમાં પાણીના ટાંકાનું લોકાર્પણ સહિતના સાત જેટલા વિકાસના કામોનું રૂપિયા ૧૭૨ લાખના ખર્ચે નિર્માણ થઈ રહ્યું છે, જે વિકાસ કામોના ખાતમુહૂર્ત લોકાર્પણ પ્રસંગ જે તે વિસ્તારના સ્થાનિક આગેવાનો ભરતભાઈ સોની, અર્જુનદેવસિંહ ચુડાસમા, નયનાબેન પટેલ, કરસનજી જાડેજા, દક્ષાબેન બારૂ, ઉત્પલસિંહ જાડેજા, જીતેન્દ્રસિંહ જાડેજા, ભાજપ તાલુકા પ્રમુખ ધર્મેશ કેસરાણી, મહામંત્રીઓ હરિસિંહ રાઠોડ, અશ્વિન સોની, વસંત વાઘેલા, નરસિંહ વાઘેલા, લાખાભાઈ રબારી, જયેન્દ્રસિંહ જાડેજા, મુકેશ રાણવા, કમલદાન ગઢવી, નવીન જોશી, હરેશ લોચા, નરેશભાઈ ઠક્કર, મધુસુદન તિવારી, નિલેશ ભટ્ટ સહિતના ઉપસ્થિત રહી રહ્યા હતા.

ગણેશનગરમાં પાણીના ટાંકાના લોકાર્પણ પ્રસંગે પાણી સપ્લાયરનું વીલવાલ બુધા ભોપાએ કરી આશવચન પાઠવ્યા હતા આ પ્રસંગે લાલજીભાઈ રામાણી, ડાયાભાઈ, દોલતભાઈ ભાનુશાલી, રમેશભાઈ કોલી, લાલાભાઈ કોલી, લક્ષ્મણભાઈ વાઘેલા, જેસા ગાભા રબારી, ગાભા રામા રબારી, ભીખા સોમા રબારી, ભીખા કાના રબારી, મહેશ સોમા રબારી, ચેતન રબારી, થાવરભાઈ પરગડું, પચાણભાઈ મહેશ્વરી, ખેતા બુઢ્ઢા, પરેશ સાધુ, રાજુ મહારાજ, શૈલેષ ગોર સહિત ઉપસ્થિત રહ્યા હતા.

મહામંત્રી હરિસિંહ રાઠોડએ કહ્યું કે ભુજથી નખત્રાણા ચાર માર્ગે રોડ રૂા. ૯૩૭ કરોડના ખર્ચે, નખત્રાણાથી નારણસર રૂપિયા ૧૦૧૩ કરોડના ખર્ચે તૈયાર થનાર ફોરલાઈન કામગીરી ગતિમાં છે. વિકાસકામોનું ખાતમુહૂર્ત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભુજની મુલાકાતમાં કરેલ તેવી વિગતો આર્ી હતી. એપીએમસી, કસ્તુરબા ગાંધી વિદ્યાલય, લાઈબ્રેરી, પાલિકાને જોડતા વિવિધ સીસી રોડોના કામો ચાલી રહ્યા છે. શાસ્ત્રોક્તવિધિ દિલીપ મહારાજ, વિપુલ મહારાજે કરાવી હતી. ચીફ ઓફિસર ભાવિન કાંધણીએ વિકાસકામોની ગ્રાન્ટોની વિગતો આપી હતી. સેનેટરી ઈન્સ્પેક્ટર પ્રદિપસિંહ ઝાલાએ પણ સૂચનો આપ્યા હતા. જયોતેશ્વરતેશ્વર મંદિર પટાંગણમાં શેડની ગ્રાન્ટ ફાળવવા ધારાસભ્ય શ્રી જાડેજાએ ખાતરી આપી હતી. સંચાલન હરીસિંહ રાઠોડે અને આભારવિધિ અર્જુનદેવસિંહ ચુડાસમા કરી હતી.

# ભુજના તબીબ સાથે ૪૧ લાખની ઠગાઈ કરનાર આરોપી સુરતથી પકડાયો



### નાણાંની રિકવરી સહિતની તપાસ માટે ૪ દિવસના રિમાન્ડ મળ્યા

ભુજ : શહેરના ડોકટર આનંદ ચૌધરીને શેરમાર્કેટમાં રોકાણ કરી સારા વળતરની લાલચ આપી તેમની પાસેથી ૪૧ લાખ રૂપિયા પડાવાયા હતા. જે બાબતે બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો. પોલીસે તપાસ કરી સુરત જિલ્લામાંથી આરોપીને ઝડપી લીધો છે. પોલીસે સુરતના ઓલપાડ તાલુકાના ઉમરા ગામે રહેતા આરોપી હર્ષદ કનુભાઈ પ્રજાપતિને પકડી મંગળવારે ભુજની ચીફ કોર્ટમાં રજુ કરતાં ચાર દિવસના રિમાન્ડ મળ્યા હતા. આરોપીએ પોતે કેટાલિસ્ટ માર્કેટ કંપનીના મેમ્બર હોવાનું જણાવી વળતરના નામે ૪૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ રૂપિયા જે ખાતામાં જમા થયા હતા. તે ખાતાની કડી આરોપી હર્ષદ સુધી પહોંચી હતી. સહ આરોપી તરીકે શૈલેષ ઉર્ફે ભુરાભાઈનું નામ સામે આવ્યું છે. આરોપી વધુ વિગતો આપવામાં ગલ્લાતલ્લા કરતો હોવાથી પાંચ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરતાં ચાર દિવસના રિમાન્ડ મળ્યા છે.

## રાપર આઈટીઆઈ ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ

રાપર : રોજગારી અને સ્વરોજગોરીની તક પુરી પાડતી આઈટીઆઈ રાપર ખાતે વર્ષ ૨૦૨૫ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા શરૂ થયેલ છે. ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦-૬ રહેશે. એડમીશન મેળવવા માટે અને ફોર્મ ભરવા માટેનો સમય આઈટીઆઈ રાપર ખાતે સવારે ૯.૩૦ કલાકથી સાંજે ૫ કલાક સુધીનો રહેશે તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાપરના આચાર્યની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## છછીના દરિયામાંથી ચરસના વધુ ત્રણ પેકેટ મળ્યા

ભુજ : અબડાસા તાલુકાના છછીના દરિયાઈ વિસ્તારમાં તપાસ દરમિયાન ચરસના વધુ ત્રણ પેકેટ મળી આવ્યા હતા. આઈબી, એસઓજી અને બીએસએફના પેટ્રોલિંગ દરમિયાન છછીના દરિયાઈ વિસ્તારમાંથી આ પેકેટો મળી આવ્યા હતા. જે અંગે કોઠારા પોલીસે જાણવા જોગ દાખલ કરી છે. મહત્વનું છે કે, ચાલુ સીઝનમાં અત્યાર સુધી ૫૦ જેટલા પેકેટો મળી આવ્યા છે. તમામ પેકેટ બિનવારસું છે.

## ગાંધીધામના કોંગ્રેસ અગ્રણી કડી વિધાનસભા માટે કરશે ચૂંટણી પ્રચાર

ગાંધીધામ : ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ દ્વારા ગુજરાત કોંગ્રેસના અગ્રણી અને ગાંધીધામ મુસ્લિમ સમાજના આગેવાન હાજી જુમાભાઈ રાયમાને કડી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર કાર્યની જવાબદારી સોંપાઈ છે. તેઓ તા. ૧૫થી ૧૮ જુન સુધી કડી વિધાનસભા મત વિસ્તારમાં રહી કોંગ્રેસના ઉમેદવારનો ચૂંટણી પ્રચાર કરી કોંગ્રેસ પાર્ટીને જીત અપાવવા પ્રયાસ કરશે. આ તકે મહત્વની જવાબદારી સોંપવા બદલ હાજી જુમાભાઈ રાયમાએ ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી ગોહિલનો આભાર વ્યક્ત કર્યો હતો.

# યોગ્ય વ્યવસ્થા વિના લારીઓ હટાવવી એ માનવ અધિકારનો ભંગ

### સ્ટ્રીટ વેન્ડર એસોસિએશન કચ્છ અને નેશનલ હોકર ફેડરેશન ગુજરાત દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયું



ભુજ : શહેરનાવાણિયાવાડ વિસ્તારની શેરી બજારમાં રોજીંદા વેપાર કરતાં લઘુવર્ગીય ફેરિયાઓ સામે નગરપાલિકા અને ટ્રાફિક પોલીસ દ્વારા થયેલી દબાણ હટાવવાની કાર્યવાહી સામે હવે વિરોધ ઉપજ્યો છે. લારીઓ અને માલસામાન બળજબરીથી જપ્ત કરાયા હોવાની સાથે મહિલા ફેરિયાઓ સાથે અયોગ્ય વર્તન થયાનું પણ આક્ષેપ કરવામાં આવ્યું છે. આ સમગ્ર ઘટનાની સામે સ્ટ્રીટ વેન્ડર એસોસિએશન કચ્છ અને નેશનલ હોકર ફેડરેશન ગુજરાત દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી માગણી કરવામાં આવી છે કે, જ્યાં સુધી સંપૂર્ણ વ્યવસ્થા ન થાય ત્યાં સુધી કોઈ પણ ફેરિયાને બળજબરીથી હટાવવામાં ન આવે.

વાણિયાવાડ બજાર ભુજમાં દૈનિક ધોરણે શેરી ફેરિયાઓ પોતાનું ગુજરાન ચલાવે છે. નગરપાલિકાના તાજેતરના સર્વે અનુસાર અહીં આશરે ૧૬૯ શેરી ફેરિયાઓ પોતાનું નાનું વ્યવસાય કરે છે. તેમનું ગુજરાન માત્ર લારી અને તે પરના માલસામાન પર આધારિત છે. સુધરાઈ વિભાગ અને ટ્રાફિક પોલીસ દ્વારા ૭થી વધુ ફેરિયાઓની લારીઓ અને તેમનો માલ બળજબરીથી ઉપાડી લેવાયો. આ કાર્યવાહી દરમિયાન નારાજ ફેરિયાઓએ વિરોધ કરતા પોલીસ દ્વારા તેમને વાનમાં બેસાડી લઈ જવામાં આવ્યા હતા, જેમાં મહિલાઓ પણ સામેલ હતી. પુરૂષ પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા મહિલાઓ સાથે અપમાનજનક વર્તન કરાયું હોવાના ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે.

નગરપાલિકા દ્વારા બસ સ્ટેશન રોડને વેન્ડિંગ ઝોન જાહેર કરીને કેટલાક ફેરિયાઓને પ્રમાણપત્ર અપાયા હતા. પરંતુ હાલ જે ઓપન એર થિએટર વિસ્તાર બતાવવામાં આવ્યો છે તેમાં ફક્ત ૫૦થી ૫૫ ફેરિયાઓ માટે જગ્યા છે, જ્યારે વાસ્તવિક સંખ્યા તેને ત્રણ ગણી છે. આવા સંજોગોમાં વાણિયાવાડના બાકીના ફેરિયાઓને હટાવવુંએ ખોટી નીતિ ગણાઈ શકે.

સંસ્થાઓની વતી કલેક્ટરને રજૂઆત કરાઈ ત્યારે સ્ટ્રીટ વેન્ડર એસો. કચ્છના પ્રમુખ મયૂર ગોર, મંત્રી અભિષેક ઠક્કર, ઉપપ્રમુખ વિમલસિંહ ચૌહાણ તેમજ નેશનલ હોકર ફેડરેશન ગુજરાતના મહામંત્રી મહમદ લાખા માંગણીઓ કરી હતી કે, ફેરિયાઓની લારીઓ અને માલ જપ્ત કરાયો છે, તેમનો તાત્કાલિક પરત અપાય, જ્યાં સુધી સર્વે આધારે યોગ્ય સ્થાન ફાળવાય નહીં ત્યાં સુધી દબાણ હટાવવાની કામગીરી સ્થગિત કરવા, મહિલાઓ સાથે થયેલા દુર્વ્યવહારની તપાસ કરો અને જવાબદારો સામે પગલા લેવા, વેન્ડિંગ નીતિ અનુસાર દરેક ફેરિયાને માન્ય જગ્યાએ વ્યવસાય કરવા દેવામાં આવે સહિતના મુદે માંગ કરવામાં આવી છે.

# નખત્રાણામાં ટ્રાફિકને અડચણરૂપ ટ્રક પાર્ક કરતા કાર્યવાહી કરાઈ



નખત્રાણા : શહેરમાં ટ્રાફીક પોલીસ દ્વારા મેઈન રોડ નખત્રાણા-માતાના મઢ હાઈવે પર નખત્રાણા બસ સ્ટેશન સામે ટ્રાફિકને અડચણ રૂપ તથા અકસ્માત સર્જે તે રીતે જાહેર રોડ પર ટાટા કંપનીની ટ્રક પાર્ક કરવામાં આવતા પોલીસે વાહન ડિટેઈન કરી ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. કોઈપણ વાહન જાહેર માર્ગ કે ટ્રાફિકને અડચણ રૂપ રાખવામાં આવશે તો કાર્યવાહી કરવામાં આવશે તેવું નખત્રાણા પોલીસે જણાવ્યું હતું.

# મુંદરા ખારવા સમાજની ચૂંટણીમાં રાજેશભાઈની જીત

### મુંદરા નગરપાલિકાના ઉપપ્રમુખને હાર ખમવી પડી



મુંદરા : ખારવા સમાજ મજબૂત અને માનવ ધર્મમાં માનનારો સમાજ છે. રાષ્ટ્રધર્મ તેમના રગેરગમાં દોડે છે. ત્યારે રવિવારે મુંદરા ખારવા સમાજના પ્રમુખ માટે લોકશાહી પ્રમાણે ચૂંટણી યોજવામાં આવી હતી. સવારથી સાંજ સુધી સમાજના લોકોએ પોતાનો પવિત્ર મત આપી સામાજિક ફરજ નિભાવી હતી. સાંજે મતદાન બાદ પરિણામ જાહેર થતાં રાજેશભાઈ મોહનભાઈ કષ્ટાને ૩૩૨ તો તેમના હરીફ અને મુ.બા.ન.પા.ના ઉપપ્રમુખ જીતેન્દ્રભાઈ નટવરભાઈ કસ્તુરિયાને ૧૯૦ મત મળ્યા હતા. જેમાં ૬ વોટ ફેલ થયા હતા. રાજેશભાઈ કષ્ટાનો ૧૪૨ વોટથી ભવ્ય વિજય થયો હતો તેવી માહિતી પ્રાપ્ત થઈ હતી.


## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વિભાગીય કચેરી, ભચાઉ-કચ્છ.

PGVCL PGVCL

## જાહેર વિજ્ઞપ્તી

આથી અમારા માનવંતા વીજ-ગ્રાહકોને જણાવવાનું કે,ભચાઉ પેટા-વિભાગીય કચેરીમાં નીચે જણાવેલ ફિડરો જરૂરી સમારકામ માટે નીચે જણાવ્યા પ્રમાણે તારીખના રોજ બંધ રહેશે.કામ પુર્ણ થયે અન્ય કોઈ પણ જાતની સુચના આપ્યા વગર વિજ-પુરવઠો પુનઃચાલુ કરી દેવામાં આવશે,જેની નોંધ લેવા વિનંતી.

| ૧૧ કેવી ફીડરનું નામ/ પેટા-વિભાગીય કચેરીનું નામ | તારીખ | બંધ રહેનાર વિસ્તાર |
|---|---|---|
| ૧૧ કેવી ખડીર (જેજીવાય)/ બાલાસર | સવારે ૮ થી બપોરે ૪ તા. ૧૨.૦૬.૨૦૨૫ | અમરાપર,ગઢડા, રતનપર, ગણેશપર, બામણકા, જણાન, કલ્યાણપર, ધોલાવીરા,ચામપર, ખરોડા તેમજ ખડીર (જેજીવાય) ફીડરમાં આવતો તમામ વિસ્તાર |
| ૧૧ કેવી.ખારોડા(એજી), ધોળાવીરા (એજી)/બાલાસર | સવારે ૮ થી બપોરે ૪ તા. ૧૨.૦૬.૨૦૨૫ | ખરોડા(એજી) અને ધોળાવીરા(એજી) ફીડરમાં આવતો વિસ્તાર |

અરજદાર પોતાની ફરિયાદ અમારી કંપનીના ટોલફ્રી નંબર - ૧૮૦૦૨૩૩૧૫૫૩૩૩ તથા બાલાસર પેટા વિભાગીય કચેરીના કમ્પ્લેઈન્ટ કોલ સેન્ટર નંબર ૯૬૮૭૬૩૩૬૭૨ પર દર્જ કરાવી (જણાવી) શકે છે.

કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ભચાઉ



## ભાવપૂર્ણ મિત્રાંજલિ



સ્વ. મહાવીરસિંહ લાખુભા જાડેજા

સત્રી પાજી કા ઢાબા (ભુજવાળા)

સ્વ. તા. ૦૫-૦૬-૨૦૨૫, ગુરૂવાર, જેઠ સુદ-૧૦, ગામ : વિગોડી, તા. નખત્રાણા

એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય. હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઈ ગયો તાણી. હે કુદરત ! એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી, તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી.

પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

:: શોકમગ્ન મિત્ર ::

જયંતિલાલ વાલજીભાઈ વાઘેલા (UHC, અંજાર પોલિસ સ્ટેશન)

યશકુમાર જયંતિલાલ વાઘેલા

(મંત્રી, યુવા ભાજપ અંજાર શહેર) (યશ એન્ટરપ્રાઈઝ-અંજાર)

કિશકુમાર જયંતિલાલ વાઘેલા (કિશ લોજીસ્ટીક - અંજાર)

**જિલ્લા ચૂંટણી અધિકારી કેમ ન લે કડક પુછાણા..!**

# ભદ્રેશ્વરની ગ્રામ પંચાયતી ચૂંટણીમાં માન્ય ઉમેદવારના એકરારનામ સામે મોટા અંગુલીનિર્દેશ : તંત્ર કેમ મૌન?

**ચૂંટણી રીર્ટનીંગ ઓફીસરની ભૂમિકાઓ સામે ઉઠયા સવાલો : એકતરફી હુકમ કેમ અપાયો? ફરીયાદ બાદ ઉમેદવાર પાસેથી આધારો માંગ્યા અને તેમાં બે જ બાળકોના જન્મના દાખલા રજુ કરાયા, પરંતુ સામેપક્ષે ફરીયાદીને પણ તેમની ફરીયાદના આધારો રજુ કરવા કેમ ચુંટણી અધિકારીએ ઈજન ન કર્યુ? સાથોસાથ જ ત્રીજુ બાળક હાલમાં હયાત નથી, તેવો મરણનો દાખલો પણ ચુંટણી અધિકારીએ કયા નિયમો તળે જમા ન લીધો?**

**ધોરણસરની પ્રક્રીયા અનુસાર જ ફોર્મને માન્ય રાખ્યુ છે, પંચાયત કલમ ૩૦(ત)હેઠળ ફોર્મ માન્ય રાખ્યુ છે, અમારે હયાત બાળકોને જ જોવાના હોય છે, નિયમના આધારે ડાયાભાઈ મહેશ્વરીનું ફોર્મ માન્ય રખાયું છે, બાકીના આક્ષેપો ખોટા છે :**

**શ્રી નીલકંઠ(તાલુકા વિસ્તરણ અધિકારી, વર્તમાન ચૂંટણી અધિકારી)**

**ચુંટણી પંચાયત અધિનિયમની જોગવાઈનું ઉલ્લઘન થયાની ફરીયાદ : આરઓ કેમ આંખ મીચીને ફોર્મને રાખ્યું માન્ય? : ચૂંટણી ફોર્મની ચકાસણીઓ તો ૩ વાગ્યા સુધી પૂર્ણ કરવાની હોય છે, આ ફરીયાદ બાદ હુકમ કેમ ૬ વાગ્યે આસપાસ કરવામાં આવ્યો? એકરારનામામાં માત્ર બે જ બાળકોના જન્મના આધારો દર્શાવાય છે, ત્રીજુ બાળક હયાત નથી તેનો કેમ કોઈ ઉલ્લેખ ન કરાયો?**

ગાંધીધામ : કચ્છમાં હાલના સમયે ગ્રામ પંચાયતોની ચુંટણીનો માહોલ જામેલો છે. ફોર્મ ભરાઈ ગયા બાદ ગત રાજે ફોર્મ ચકાસણી કરવાની હતી. ત્યારે મુંદરાના ભદ્રેશ્વરમાં જે ઉમેદવારનુ ફોર્મ માન્ય રખાયુ છે તેને લઈને ફરીયાદ થવા પામી હતી. આમામલે મોહન બુધારામ શેખ દ્વારા રીર્ટનીંગ ઓફીસરને ફરીયાદ કરવામા આવી હતી.

આ બાબતે તાલુકા પંચાયત કચેરી, ચુંટણી અધિકારી તરીકે તૈનાત તાલુકા વિસ્તર અધિકારી શ્રી નીલકંઠને ફરીયાદી અરજદાર એવા મોહન બુધારામ શેખા દ્વરા લેખિતમાં જે ફરીયાદ અપાઈ છે તેની જો વાત કરીએ તો ભદ્રેશ્વર ગ્રામ પંચાયતની ચૂંટણીના સરપંચ પદના ઉમેદવાર શ્રી ડાહ્યાલાલ હરજી મહેશ્વરીએ દાવેદારી નોધાવેલ છે. જેમાં તેમણે પોતાના ત્રણ સંતાન હોવા છતા રજુ કરેલ ફોર્મમાં એકરારનામામા ર સ્તાન બતાવેલ છે. અને માહીતી છુપાવેલ છે. તેમજ ચૂંટણી પંચ અને ચુંટણી અધિકારીને ગેરમાર્ગે દોરવામાં આવેલ છે. સરકારશ્રીના પત્ર મુજબ સને ૨૦૦૫ પછી ૩ સંતાન હોય તો કોઈ પણ વ્યકિત પંચાયતી રાજની ચૂંટણીમાં ભાગ ન લઈ શકે માટે ઉપરોકત વિષયને ધ્યાને લઈ અને તાત્કાલીક અસરથી ઉમેદવારી રદ કરવામા આવે અને અરજદારને ન્યાય અપાયે તેવી દાદ માંગવામા આવી છે અને જો તેમને ન્યાય નહી મળે તો નામદાર કોર્ટમાં દાવો દાખલ કરવાની ફરજ પડશે તેવુ પણ ફરીયાદી મોહનભાઈ બુધારામ શેખાએ જણાવ્યુ હતુ.

બીજીતરફ આ બાબતે ચૂંટણી અધિકારી શ્રી નીલકંઠની સાથે વાતચીત કરતા તેઓએ ક્હયુ હતુ કે, અમારી પાસે ભદ્રેશ્વર, ભોરારા અને ટોડાની ચૂંટણીની જવાબદારી છે. રીર્ટનીંગ ઓફીસર તરીકે સેવા બજાવી રહ્યા છીએ. ભદ્રેશ્વરના ઉમેદવારનુ ફોર્મ માન્ય રખાયુ છે તેમને ત્રણ સંતાનો છે, નિયમ વિરૂદ્ધ ફોર્મ માન્ય રહ્યુ છે, એ બાબતે પુછતા શ્રી નીલકંઠએ જણાવ્યુ હતુ કે, પંચાયતધારાની કલમ ૩૦(ત)હેઠળ અમારે હયાત બાળકોની સંખ્યા જોવાની હોય છે, હયાત બાળકો તેમના બે જ હોવાથી નિયમ અનુસાર જ ફોર્મ માન્ય રાખ્યુ છે તે સિવાયના આક્ષેપો ખોટા હોવાનુ તેઓએ જણાવ્યુ હતુ.

હવે અહી સવાલ એ થાય છે કે, આરઓશ્રીએ ફરીયાદની સામે આ કેસમાં માત્ર માન્ય ફોર્મ રહ્યુ તે જ ઉમેદવારોથી કેમ આધારો માંગ્યા? તેઓએ ફરીયાદીને પણ તેમની ફરીયાદના આધારો રજુ કરવાની તક શા માટે ન આપી? ઉપરાંત એકરારનામામા પણ ઉમેદવારે કેમ માત્ર બે જ બાળકોનો ઉલ્લેખ કર્ય છે? તેઓએ બે બાળકોના જન્મના દાખલાઓ રજુ કર્યા છે, તેમનુ ત્રીજુ બાળક હતુ, તે હયાત નથી તેનો ઉલ્લેખ અને મરણનુ પ્રમાણપત્ર કે દાખલો કેમ જોડાવામા અવ્યો નથી? ઓર્ડર જે થયો છે, આરઓ દ્વારા તેમાં પણ શા માટે ત્રીજા બાળકનો કે આ ઉમેદવારના ફોર્મ સામે ફરીયાદ રજુ થઈ હતી જે અંગે તેઓએ કરેલ તપાસ અને આધારોની ચકાસણી બાદ હુકમ કરે છે તેવો પણ કયાંય શા માટે ઉલ્લેખ કરવામા આવ્યો નથી? હકીકતમાં આ પ્રકારના ઓર્ડરને લઈને પારદર્શક અને પ્રમાણીક ચૂટણી યોજવાની દીશામાં જીલ્લા ચુંટણી અધિકારીશ્રીએ ગંભીરતાથી ધ્યાન દોરવુ જોઈએ અને જો આર.ઓ. તબક્કે કોઈ પણ પ્રકારની ચુક થવા પામી હોય તો તે અંગે પણ યોગ્ય અને ન્યાયીક કાર્યવાહી કરવી જ ઘટે.

**નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ બાદ**

# કચ્છમાં ફાયર એનઓસી રજુ ન કરનાર શાળાઓ સામે તવાઈ

**ફાયર સેફટી મુદ્દે શિક્ષણ તંત્રનો કડક રાહે કાર્યવાહીનો સંદેશ : ગત સત્રના અંત ભાગે કચ્છની આઠ શાળાઓને કરાયો હતો દંડ**

ભુજ : આગામી સોમવાર ૯મી જૂનથી કચ્છમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. ૪૫ દિવસના ઉનાળુ વેકેશન બાદ કરી શાળાઓ વિદ્યાર્થીઓથી ગાજી ઉઠશે. કચ્છ જિલ્લાની ગ્રાન્ટેડ અને નોનગ્રાન્ટેડ સહિતની પ્રાથમિક શાળાઓને ફાયર સેફટીની સુવિધા અને ફાયર એનઓસી સુનિશ્ચિત કરવી પડશે. ફાયર સેફટી મુદ્દે કોઈ પણ બાંધછોડ ન ચલાવી લેવાના જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગના આકરા તેવરથી શાળા સંચાલકોમાં દોડધામ મચી ગઈ છે. નવું શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ તમામ શાળાઓમાં ટીપીઈઓ કક્ષાએથી ફાયર સેફટી અને ફાયર એનઓસીની તપાસ કરવામાં આવશે. જો શાળા ફાયર એનઓસી રજુ કરવામાં નિષ્ફળ રહેશે તો દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

આ અંગે વિગત આપતા કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભુપેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગત શૈક્ષણિક સત્રના અ ત ભાગે કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આકસ્મિક ફાયર સેફટીની તપાસ હાથ ધરતાં જુદા જુદા તાલુકાઓની ૮ શાળાઓમાં ફાયર સેફટીનો અભાવ અને ફાયર એનઓસી ન મળતાં દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. નિયમ અનુસાર ૫૦૦ ચોરસ મીટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતી શાળાઓ ફાયર સેફટીના સાધનો અને ફાયર એનઓસી અનિવાર્ય છે. જિલ્લાની તમામ શાળાઓને ફાયર સેફટીના સાધનો વસાવી લેવા અને ફાયર એનઓસી મેળવી લેવા સૂચના અપાઈ છે. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે તાલુકા કક્ષાએથી તપાસ શરૂ કરવામાં આવશે. આ તપાસ દરમ્યાન જો શાળાઓમાં ફાયર સેફટીના સાધનોનો અભાવ હશે કે, ફાયર એનઓસી રજુ કરવામાં નહીં આવે તો કડક પગલાં લેવામાં આવશે. સંચાલકોના ભોગે બાળકોની સુરક્ષા સાથે કોઈ બાંધછોડ કરવામાં નહીં આવે તેવું તેમણે જણાવ્યું હતું. ગત શૈક્ષણિક સત્રના અંતે શાળાઓને અંતિમ અલ્ટીમેટમ આપી દેવામાં આવ્યું છે તેવું વધુમાં ઉમેર્યું હતું.

# કચ્છમાં ગ્રામ સ્વરાજયની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ : ડમી ઉમેદવારોએ પરત ખેંચ્યા ફોર્મ

**ગઈકાલે ફોર્મ ચકાસણીમાં વિવિધ ત્રુટીઓના પગલે અમુક સરપંચ અને સભ્યપદના ઉમેદવારોના ફોર્મ થયા હતા રદ : આજે જિલ્લાની તાલુકા પંચાયતો અને મામલતદાર કચેરીઓ પર ફોર્મ પરત ખેંચવાની કામગીરીનો જોવા મળ્યો ધમધમાટ : ૨૨ મી જૂનના મતદાન પૂર્વે હવે ચૂંટણી જંગમાં મેદાને રહેલા ઉમેદવારોએ ચૂંટણી પ્રચારમાં અજમાવશે જોર : ગ્રામિણ મતદારોને રિઝવવા ચૂંટણી પ્રચારનો ધમધમાટ થશે વેગવાન**



થરાવડા

ભુજ : કચ્છ જિલ્લામાં ૧૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય, વિભાજન અને ૨૪૧ પંચાયતોની પેટા ચૂંટણી માટે આજનો દિવસ મહત્ત્વપૂર્ણ બની રહ્યો હતો. ગઈકાલે રજૂ થયેલ ફોર્મની ચકાસણી બાદ આજે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ડમી અને અન્ય અમુક ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચી લેતા ગ્રામ પંચાયતની ચૂંટણીનું ચિત્ર સપષ્ટ થયું છે.

ગઈકાલે હાથ ધરાયેલી ચૂંટણી ફોર્મની ચકાસણી પ્રક્રિયામાં રાપર તાલુકાની ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે રજૂ થયેલા ૬૧૨ ફોર્મ પૈકી ૭ ફોર્મ અમાન્ય રહ્યા હતા. ભચાઉ તાલુકાની ૯ પંચાયતોની ચૂંટણી માટે સરપંચ પદ માટે ૩૦ અને સભ્ય પદે ૧૨૩ ફોર્મ ભરાયા હતા જે પૈકી ૬ ઉમેદવારોના ફોર્મ રદ થયા હતા. નખત્રાણા તાલુકાની ડાડોર ગ્રામ પંચાયતના સરપંચ પદના ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું. માંડવી તાલુકાના મોટા લાયજાના સભ્ય પદનું ફોર્મ રદ થયું હતું. અંજાર તાલુકામાં ગઈકાલે નિંગાળના સરપંચ પદના એક ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું, જ્યારે સાપેડામાં ૧ અને મોડસરમાં બે સભ્યપદના ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચી લીધા હતા. ભુજ તાલુકાના ફોર્મ ચકાસણીમાં વિવિધ ત્રુટીઓના કારણે સરપંચ પદના એક અને સભ્ય પદના ૧૦ ફોર્મ રદ થયા હતા. મુન્દ્રા તાલુકામાં વાઘુરા, દેશલપર અને ડેપામાં સરપંચ પદ માટે એક એક ફોર્મ ભરાયા હતા જે માન્ય રહેતા સરપંચ બિનહરીફ જાહેર થયા હતા. સભ્યો પણ બિનહરિફ ચૂંટાતા ૩ ગામો બિનહરિફ જાહેર થયા હતા. માંડવી તાલુકામાં માંડવી તાલુકાની પાંચ ગ્રામ પંચાયતોમાં પાંચ ગામના સરપંચ પદે એક એક ફોર્મ ભરાયા હતા. ભુજ તાલુકામાં ૩૫ ગ્રામ પંચાયતો પૈકી ૧૦ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટે એક-એક ફોર્મ જ ભરાયા હતા. જે માન્ય રહેતા સરપંચો બિનહરિફ જાહેર થયા છે.

અનુસંધાન પાના નં.૫ પર